dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 182 | AD - 2025, Chaitra Sud-10 | Monday, Dt.07-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## અયોધ્યામાં અદ્‌ભુત અને અલૌકિક દર્શન, રામલલ્લા પર સૂર્ય કિરણોનો અભિષેક થયો

# દેશભરમાં ધામધૂમથી ભક્તિભાવપૂર્વક રામનવમીની ઉજવણી

નવીદિલ્હી,તા.૬

દેશભરમાં રામનવમીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. રામનવમી નિમિત્તે મંદિરોમાં ખાસ પૂજા અને આરતીઓ કરવામાં આવી હતી. સવારથી જ દેશભરના મંદિરોમાં ભક્તોની ભીડ જોવા મળી હતી. તે જ સમયે, ભગવાન રામના જન્મસ્થળ અયોધ્યામાં, રામનવમીના અવસર પર ભક્તોનો પ્રવાહ ઉમટ્યો હતો. રામનવમીના દિવસે રામ મંદિરમાં ભગવાન રામને સૂર્યના કિરણોથી અભિષેક કરવામાં આવ્યો હતો. પશ્ચિમ બંગાળમાં પણ તણાવ વચ્ચે વિવિધ સ્થળોએ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ઘણી જગ્યાએ, અમુક શરતો સાથે સરઘસ કાઢવાની પરવાનગી આપવામાં આવી હતી. ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામનવમી પર શ્રદ્ધાની લહેર ફૂંકાઈ હતી. રામલલ્લાને સૂર્યના કિરણોથી અભિષેક કરવામાં આવ્યો હતો. આ તિલક ચાર મિનિટ સુધી રાખવામાં આવ્યું હતું. ચાર લેન્સ અને ચાર અરીસાઓની મદદથી, સૂર્ય કિરણો રામલલ્લાના કપાળ સુધી પહોંચ્યા હતા. વૈદિક મંત્રોના જાપથી મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું.

આ સમય દરમિયાન, ભક્તોએ ભગવાન રામ અને માતા સીતાના ગુણગાન ગાતા સૂત્રોચ્ચાર કર્યા હતા. આ પ્રસંગે સમગ્ર મંદિર સંકુલ ભગવાન રામની ભાવનાથી ભરાઈ ગયું હતું. રામ મંદિરમાં ભક્તોનો મેળો જામ્યો હતો. રવિવારે સવારથી જ રામ મંદિરમાં કાર્યક્રમો શરૂ થઈ ગયા હતા. રામલલ્લાના સૂર્ય તિલક દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા. દેશભરમાંથી જ નહીં પણ વિદેશમાંથી પણ લોકો રામ મંદિર પહોંચ્યા અને આના સાક્ષી બન્યા હતા. રામ મંદિરની



મુલાકાતે આવેલા ભક્તો પર ડ્રોનનો ઉપયોગ કરીને સરયુ જળનો વરસાદ કરવામાં આવ્યો હતો. રામ મંદિરમાં આવેલા ભક્તોમાં ભારે ઉત્સાહ હતો. ભક્તોએ કહ્યું કે તેઓ એટલા ઉત્સાહિત છે કે તેમને ગરમીનો અનુભવ પણ નથી થઈ રહ્યો. અયોધ્યામાં સર્વત્ર ભગવાન રામના મંત્રો ગુંજી રહ્યા હતાં. ૧૨ વાગ્યે સૂર્ય તિલક પછી, વધુ કાર્યક્રમો યોજાયા હતાં. મોડી સાંજે, અયોધ્યામાં સરયુ નદીના કિનારે દીપોત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો જ્યાં દોઢ લાખથી વધુ દીવા પ્રગટાવવામાં આવ્યા હતાં. ભક્તોમાં પંજીરીનો ખાસ પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. રામનવમી પર સવારે ૪:૩૦ વાગ્યે નિર્ધારિત સમયે મંગળા આરતી કરવામાં આવી હતી. સવારે ૯:૩૦ વાગ્યે રામલલ્લાનો સૌપ્રથમ અભિષેક કરવામાં આવ્યો હતો. રામનવમીને લઈને રામલલ્લાને વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. અયોધ્યાથી સમાજવાદી પાર્ટીના સાંસદ અવધેશ પ્રસાદ રામનવમીના અવસર પર રામ મંદિર પહોંચ્યા હતા. તેમણે અહીં બિરાજમાન ભગવાન રામલલ્લાના દર્શન કર્યા અને તેમની પૂજા કરી. તેમણે મંદિર પરિસરમાં લાંબા સમય સુધી પૂજા કરી હતી. ભાગલપુરમાં કેસર ક્રાંતિના સભ્યો ભવ્ય પ્રતિમા અને ડીજે સાથે રસ્તાઓ પર ઉતર્યા કે તરત જ ભાગલપુર જિલ્લા વહીવટીતંત્રે ડીજે જપ્ત કરી લીધું હતું. ડીજે જપ્ત થયા પછી, ભગવા ક્રાંતિના લોકોએ ખલીફાબાગ ચોક પર વિરોધ શરૂ કર્યો અને જિલ્લા વહીવટીતંત્ર વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ કર્યા, જેથી વાતાવરણ ખૂબ જ બગડ્યું હતું. આ પછી, દરેક ખૂણા પર પોલીસ તૈનાત કરવામાં આવી છે. વિરોધ કરી રહેલા લોકો એ કહ્યું કે જો ડીજે પરત નહીં કરવામાં આવે તો શ્રી રામની પ્રતિમા પણ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવામાં આવશે અને બધા કાર્યકરો જેલમાં જવા માટે પણ તૈયાર છે. સમગ્ર બિહારમાં રામનવમીને લઈને ઉત્સાહનો માહોલ જોવા મળ્યા હતો. આ પ્રસંગે, મોટી સંખ્યામાં ભક્તો પટનાના મહાવીર મંદિરમાં દર્શન માટે પહોચ્યા હતાં.

# ડોનાલ્ડ ટ્રમ્પ અને એલોન મસ્ક વિરુદ્ધ અમેરિકાના રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન

વોશિંગ્ટન,તા.૬

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉદ્યોગપતિ એલોન મસ્ક વિરુદ્ધ વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા છે. સરકારી નોકરીઓમાંથી છટણી, અર્થતંત્ર, માનવ અધિકાર, ટેરિફ અને અન્ય મુદ્દાઓ પર ટ્રમ્પ વહીવટીતંત્ર વિરુદ્ધ અમેરિકામાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. શનિવારે દેશભરમાં એક રેલી કાઢવામાં આવી હતી. વિરોધીઓએ ટ્રમ્પ અને મસ્કને અમેરિકા માટે



ખતરો ગણાવ્યા અને કહ્યું કે બંને દેશને બરબાદ કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્ર સામેના વિરોધ પ્રદર્શનમાં નાગરિક અધિકાર સંગઠનો, મજૂર સંગઠનો, વકીલો, નિવૃત્ત સૈનિકો અને ચૂંટણી કાર્યકરો સહિત ૧૫૦ થી વધુ જૂથો જોડાયા હતા. શનિવારે અમેરિકાભરમાં હજારો વિરોધીઓ એકઠા થયા હતા અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓ અને ટેરિફ સહિતના એક્ઝિક્યુટિવ ઓર્ડરનો વિરોધ કર્યો હતો. અમેરિકાના તમામ ૫૦ રાજ્યો તેમજ પડોશી કેનેડા અને મેક્સિકોમાં દેખાવો યોજાયા હતા. આયોજકોના જણાવ્યા અનુસાર, લગભગ ૧૫૦ કાર્યકર્તા જૂથોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. વોશિંગ્ટન ડીસીમાં અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ફ્લોરિડા નિવાસસ્થાન પાસે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને સરકારની નીતિઓ વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

# આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્રમાં ભીષણ ગરમીની હવામાન વિભાગની આગાહી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૬

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આકરી ગરમીની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. જેમાં કચ્છમાં હીટવેવના રેડ એલર્ટ સાથે ચેતવણી આપવામાં આવી છે, આ સિવાય સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ભાગો માટે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. આકરી ગરમીના કારણે રાજ્યમાં ચાર દિવસ હીટવેવનો રાઉન્ડ રહેવાની સંભાવનાઓ




વ્યક્ત કરવામાં આવી છે. જેમાં રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ આપવામાં આવ્યું છે. રાજકોટમાં હીટવેવનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે, જ્યારે સૌરાષ્ટ્રના મોરબીમાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે અને પોરબંદર તથા જૂનાગઢમાં યલો એલર્ટ અપાયું છે. આજના દિવસ માટે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને ગાંધીનગર માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે ૭ એપ્રિલ માટે જે આગાહી કરવામાં આવી છે, તેમાં સૌરાષ્ટ્ર-કચ્છ તથા ઉત્તર ગુજરાતમાં આકરી ગરમીના એંધાણ છે. જેમાં કચ્છમાં રેડ એલર્ટ જ્યારે મોરબી અને રાજકોટમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ સિવાય સૌરાષ્ટ્રના પોરબંદર અને જૂનાગઢમાં હીટવેવનું યલો એલર્ટ રહેશે. જ્યારે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા તથા ગાંધીનગર માટે પણ બે દિવસનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ પછી ૮ અને ૯ એપ્રિલ દરમિયાન પણ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓ માટે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે.




# કર્ણાટકમાં મુખ્યમંત્રીની ખુરશીને લઈને કોંગ્રેસમાં ઉકળતો ચરૂ

(એચ.એસ.એલ),બેંગ્લુરૂ,તા.૬

કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ ડી.કે. શિવકુમારે પોતાના પદથી રાજીનામું આપવાનો સાફ ઈકાર કરી દીધો છે. આ સાથે જ કર્ણાટક કોંગ્રેસમાં આંતરિક સંઘર્ષ પણ વધી રહ્યો છે. જો કે, દિલ્હીમાં પાર્ટી હાઈકમાન્ડે હાલ તેમના આ નિર્ણયના સમર્થનનો સંકેત આપ્યો છે. જણાવી દઈએ કે, ડી.કે. શિવકુમાર દિલ્હીની બે દિવસીય યાત્રા બાદ બેંગલુરૂ પરત ફર્યા છે. તેમણે પાર્ટી હાઈકમાન્ડને સ્પષ્ટ કહી દીધું કે, 'જ્યાં સુધી મને મુખ્યમંત્રી બનવાનું આશ્વાસન નહીં મળે ત્યાં સુધી હું પદ નહીં છોડું.' સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, હાઈકમાન્ડે ડી.કે. શિવકુમારને તેમના પદથી દૂર કરવાની માંગ કરી રહેલા મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેમના મંત્રીમંડળના વફાદારોને સૂચિત કર્યું છે કે, પ્રદેશ અધ્યક્ષનો બદલાવ આગામી જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી પહેલા નહીં લેવાય. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, ડી.કે. શિવકુમારનું કેપીસીસી અધ્યક્ષ પદ પર રહેવાનો નિર્ણય મુખ્યમંત્રી બનવાની મહત્ત્વકાંક્ષા સાથે જોડાયેલો છે. તેમનું આ પગલું પાર્ટીમાં પોતાની સ્થિતિને મજબૂત બનાવી રાખવા માટે છે. જો તે પદ છોડે છે તો પાર્ટીમાં તેમના પ્રભાવને નુકસાન પહોંચી શકે છે.












# બાબરા તાલુકાની બેલા ખાણમાં દરોડા પાડી રૂા. ૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાં ખનિજ ચોરી રોકવા માટે કલેક્ટર અજય દહિયાના માર્ગદર્શન હેઠળ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. બાબરા તાલુકાના પાંચાળ વિસ્તારમાં ખાણ-ખનિજ વિભાગની ટીમે દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન વિભાગની ટીમે રેતી ભરેલું એક ટ્રેક્ટર અને બેલા પથ્થર ભરેલ



એક ટ્રક જપ્ત કર્યા છે. આ ઉપરાંત બિનઅધિકૃત રીતે ચાલતી બેલા પથ્થરની ખાણો પરથી ૫ ચકરડી મશીન અને એક જનરેટર મશીન પણ જપ્ત કરવામાં આવ્યા છે. કુલ રૂા.૧૫ લાખનો મુદ્દામાલ બાબરા પોલીસ સ્ટેશનમાં સીઝ કરવામાં આવ્યો છે. ખાણ-ખનિજ વિભાગની ટીમ દ્વારા સ્થળ પર માપણી કરવામાં આવશે. ત્યારબાદ વાહન ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લામાં માટી અને રેતીની ચોરી રોકવા માટે વિભાગને મળેલી સૂચના બાદ અલગ-અલગ વિસ્તારોમાં આવી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે રામનવમીની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૦૬

અમરેલીમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે રામનવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રભુ શ્રીરામનું ચરિત્ર દરેક બાળક સમજે અને જીવનમાં તેમના ગુણો અપનાવે તેવા પવિત્ર હેતુથી શ્રીમતી એસ. એચ. ગજેરા અંગ્રેજી અને



મિશ્ર માધ્યમ શાળા દ્વારા રામનવમીની ઉજવણી કરવામાં આવી હતી. શ્રીરામની આરતી, ધૂન, ભજન વગેરે દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. શિક્ષક મિત્રો દ્વારા પ્રભુ શ્રીરામના જીવનના કેટલાક પવિત્ર પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું હતું. બાળકોને રામાયણ વિશે કેટલીક પ્રશ્નોત્તરી કરી તેમની રામાયણ ગ્રંથ વિષયના જ્ઞાનમાં વૃદ્ધિ કરવામાં આવી હતી. અંતે પ્રસાદ વિતરણ કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# લાઠીનાં હજીરાધાર ગામે પરિણીતાને સાસરીયાઓનો ત્રાસ

લાઠી, તા.૦૬

લાઠી તાલુકાના હજીરાધાર ગામે રહેતા પારસબેન વા/ઓ મુનાભાઈ વાઘેલા નામની ૧૮ વર્ષિય પરિણીતા ગત તા. ૨ ના રાત્રીના આશરે ૧૦ વાગ્યાની આસપાસ પોતાના રહેણાંક મકાને સુતા હોય તે દરમિયાન તેણીના પતિ આરોપી મુનાભાઈ રેમાનભાઈ વાઘેલા, સસરા રેમાનભાઈ સુરાભાઈ વાઘેલા તથા સાસુ હંસાબેન રેમાનભાઈ વાઘેલાએ નશાની હાલતમાં ઘરે આવી પરિણીતાને ગાળો આપેલ. જેથી પરિણીતાએ ગાળો આપવાની ના પાડતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે કમરના ભાગ ઉપર એક ઘા તથા ડાબા હાથના કાંડા પર એક ઘા મારી ફેકચર જેવી ગંભીર ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# કૌશિક વેકરીયાએ અમરેલી જિલ્લામાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં આપી હાજરી

**ચૈત્રી નવરાત્રિમાં ઠેર-ઠેર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું**

અમરેલી, તા.૦૬

ચૈત્ર માસમાં સમગ્ર વિધાનસભા વિસ્તારમાં ઠેર ઠેર ભાગવત સપ્તાહ, માતાજીના નવરંગ માંડવા, પિતૃ મોક્ષાર્થે તથા પરિવારના કલ્યાણ માટે શ્રીમદ ભાગવત સપ્તાહ, નવચંડી યજ્ઞ, કુળદેવી હવન સહિત નવ દિવસ સુધી માતાજીના નવ સ્વરૂપોની પૂજા અર્ચના કરવામાં આવી રહી છે. ચૈત્ર માસના આ પવિત્ર નવ દિવસોમાં વિકાસની સાથે સાથે ધાર્મિક ઉત્સવો અને કાર્યક્રમોમાં પણ લોકો ભાગ લઈ રહ્યા છે. કૌશિકભાઈ વેકરીયાએ કુંકાવાવ તાલુકાના



ખડખડ ગામ ખાતે હિરપરા પરિવાર આયોજિત માતાજીના યજ્ઞ મહોત્સવમાં, ગોંડલ તાલુકાના ઝુંડાળા ખાતે કયાડા પરિવાર દ્વારા આયોજિત સપ્તાહમાં, અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામ ખાતે કથીરિયા પરિવારમાં માતાજીના નવચંડી યજ્ઞ પ્રસંગે, તરકતળાવ તેમજ માંગવાપાળ મુકામે આયોજિત ધાર્મિક કાર્યક્રમોમાં, લાઠી તાલુકાના અડતાળા ગામ ખાતે ગળીયા પરિવાર આયોજિત માંડવા પ્રસંગે, ખાંભા તાલુકાના નિંગાળા ગામ ખાતે સાવલિયા પરિવાર આયોજિત ભાગવત સપ્તાહમાં, જામકા ખાતે આયોજિત ધાર્મિક કાર્યક્રમમાં, ચિતલ ખાતે બાબરીયા પરિવારના કુળદેવીના હવનમાં, દેસાઈ પરિવારના ધાર્મિક કાર્યક્રમમાં અને અમરેલી ખાતે બ્રાહ્મણ સોસાયટી ખાતે રામચરિત માનસ જ્ઞાનયજ્ઞ પારાયણમાં હાજરી આપી હતી.

# ભારતીય સેનામાંથી નિવૃત્ત થયેલા અધિકારીનું વાંકુનીધાર ખાતે કરાયુ સન્માન

અમરેલી, તા.૦૬

ભારતીય સેનામાં ૨૨ વર્ષ સુધી સેવા કરી નિવૃત્ત થતાં જૂનિયર કમિશન અધિકારી યોગેશભાઈ જાનીનું ખાંભા પાસે આવેલ વાંકુનીધાર ખાતે સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારોહમાં રામબાલકદાસ બાપુ, કરૂણાનિધીબાપુ, કોઠારી હરિસ્વરૂપદાસજી સ્વામી, શાસ્ત્રી



નારણજીવનદાસજી સ્વામી સહિતનાં સંતો-મહંતો અને વરિષ્ઠ પત્રકારો, સામાજીક આગેવાનો તેમજ વિવિધ સંસ્થાનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને યોગેશભાઈ જાનીનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ચલાલામાં ભાજપના સ્થાપના દિને સાંસદ-ધારાસભ્યની હાજરીમાં મિટિંગ યોજાઈ

અમરેલી, તા.૦૬

ભારતીય જનતા પાર્ટીના ૪૬મા સ્થાપના દિવસે ચલાલામાં ધારાસભ્ય જે.વી. કાકડિયાના કાર્યાલય ખાતે મિટિંગનું



આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી.કાકડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારી તાલુકા પૂર્વ પ્રમુખ જીતુભાઈ જોષી સહિતના ચલાલા ભાજપના આગેવાનો અને નગરપાલિકાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા તાલુકાના આંબા ગામે ભાગવત સપ્તાહનું આયોજન

લીલીયા, તા.૦૬

લીલીયા તાલુકાના આંબાગામ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું સાવજ પરિવાર વાડી (પટેલ વાડી) ખાતે આયોજન કરવામાં આવ્યું છે.



તસવીર : મહેશ દવે

વ્યાસપીઠ પરથી શાસ્ત્રી હિતેશદાદા ભટ્ટ (ભોરિંગડાવાળા) સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે. મોટી સંખ્યામાં ભાવિકો આ કથાનો લાભ લઈ રહ્યા છે.

# સાવરકુંડલાની કન્યાશાળામાં ત્રિવિધ કાર્યક્રમ: વાર્ષિક ઉત્સવ અને વિદાય સમારંભની રંગેચંગે ઉજવણી

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલાની શાળા નંબર બે કન્યાશાળામાં વાર્ષિક ઉત્સવ અને ધોરણ ૮ની બાળાઓનો વિદાય સમારંભ યોજાયો હતો. કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા અને પોતાની શાળાના સ્મરણો વાગોળ્યા હતા. ધોરણ



૮ની બાળાઓને સ્થળાંતર પ્રમાણપત્ર, કરાટે પ્રમાણપત્ર અને સ્ટીલની ડીશ ભેટ આપવામાં આવી હતી. જેમણે ધોરણ ૧થી ૮ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો તેમને શાળાંત પ્રમાણપત્ર સાથે સ્ટીલની મોટી થાળી અર્પણ કરવામાં આવી હતી. આ ભેટ શાળાના આચાર્ય ભારતીબેન અને શાળા પરિવારે આપી હતી. વર્ગ શિક્ષક સંદીપભાઈ અને હર્ષાબેને વિદ્યાર્થિનીઓ માટે નાસ્તાનું આયોજન કર્યું હતું.

# સાવરકુંડલાના કરજાળા ગામે ઠાકર પરિવાર દ્વારા ચૈત્રી અષ્ટમી નિમિત્તે યજ્ઞનું ભવ્ય આયોજન કરાયું

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલાના કરજાળા ગામે ઠાકર પરિવાર દ્વારા ચૈત્ર નવરાત્રીમાં હરસિદ્ધિ માતાજી અને સુરાપુરાના આંગણે પવિત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, આમ તો ચૈત્રી અષ્ટમીને હવનાષ્ટમી પણ કહેવામાં આવે છે અને આ દિવસે સૌ કોઈ પોત



પોતાના કુળદેવીના આશીર્વાદ મેળવવા માટે શ્રદ્ધાપૂર્વક હવન કરે છે. ઠાકર પરિવાર દ્વારા કરજાળા ગામે સુરાપુરા દાદાના સાનિધ્યમાં ભવ્ય યજ્ઞ કરવામાં આવ્યો હતો સાથે સાથે શેલ કાંઠા હનુમાન મંદિરે થાળ પણ ધરાયો હતો. આ આયોજનમાં બાઢડા નિવાસી ઠાકર પરિવાર દ્વારા તમામ ખર્ચો આપવામાં આવ્યો હતો.









# અમરેલીમાં કોંગ્રેસ પરિવાર અને પરિવર્તન ટ્રસ્ટ દ્વારા રામનવમીની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૦૬





અમરેલીમાં કોંગ્રેસ પરિવાર અને પરિવર્તન ટ્રસ્ટ દ્વારા રામજી મંદિરે રામનવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. બપોરનાં સમયે મહાઆરતી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. શ્રી રામને ફૂલોથી શણગાર કરી સજાવવામાં આવેલ હતા. સમગ્ર પરિવાર દ્વારા રામલલ્લાની આરતી કરવામાં આવી હતી. આ આરતીનો લાભ શહેરનાં લોકોએ આસ્થાભેર લીધો હતો. રામજી મંદિરે શ્રીરામનાં નાદ ગુંજી ઉઠતા લોકો રામમય બની ગયા હતા. બપોર બાદ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજીત શોભાયાત્રામાં ભગવાન શ્રી રામનાં વધામણા કરાયા હતા.

# રાજુલાના ચાંચ ગામે સગીરા પર બળાત્કાર કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદ

**કોર્ટે ભોગ બનનારને વિક્ટિમ કોમ્પેન્સેશન મુજબ રૂ. ૫૦,૦૦૦નું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો**

રાજુલા, તા.૦૬

રાજુલાના ચાંચ ગામે સગીરાનું અપહરણ કરી બળાત્કાર કરવાના કેસમાં રાજુલાના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ અને સ્પેશિયલ (પોક્સો) કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. જિલ્લા મદદનીશ સરકારી વકીલ બી.એમ. શિયાળની ધારદાર દલીલ અને દસ્તાવેજી પુરાવાના આધારે રાજુલા એડિશનલ સેશન્સ અને સ્પેશિયલ (પોક્સો) કોર્ટના જજ ડી.સી. ત્રિવેદીએ આરોપી અજય હરીભાઈ ગુજરીયા (રહે. ચાંચ, તા. રાજુલા)ને દોષિત ઠેરવ્યો હતો. આરોપી અજય ગુજરીયાએ ૨૦૨૦માં સગીર વયની કિશોરીનું બળજબરીથી અપહરણ કરી બળાત્કાર ગુજાર્યો હતો.

ભોગ બનનારના વાલીએ ફરિયાદ નોંધાવ્યા બાદ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. કોર્ટે આરોપીને IPC કલમ ૩૭૬ હેઠળ ૧૦ વર્ષની સખત કેદ અને રૂ. ૧૫,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. તેમજ પોક્સો એક્ટની કલમ ૪, ૮ અને ૧૮ હેઠળ પણ દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે ભોગ બનનારને વિક્ટિમ કોમ્પેન્સેશન મુજબ રૂ. ૫૦,૦૦૦નું વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો હતો. આ ચુકાદાથી જિલ્લામાં આ પ્રકારના ગુના કરવાની ટેવ ધરાવતા આરોપીઓમાં ફફડાટ ફેલાયો છે અને સમાજમાં આવા ગુનાઓ થતા અટકાવવામાં મદદ મળશે.

# અમરેલી શહેર અને પીઠવડી ગામે યુવકે ગળાફાંસો ખાધો

**તાલુકા પોલીસ સ્ટેશનનાં એએસઆઈ એમ.એન. જાદવે વધુ તપાસ હાથ ધરી**

અમરેલી, તા.૦૬

અમરેલી શહેર અને પીઠવડી ગામે બે યુવકોએ ગળાફાંસો ખાતા મોત થયું હતું. સાવરકુંડલાના પીઠવડી ગામે રહેતા રામકુભાઈ લખુભાઈ ખુમાણ (ઉ.વ.૫૮) એ જાહેર કર્યા મુજબ શાંતીભાઈ રામકુભાઈ ખુમાણ (ઉ.વ.૨૯) એ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાતા મોત થયું હતું. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. હાલ અમરેલીમાં રહેતા મૂળ વરસડા ગામના સામતભાઈ ટપુભાઈ ભુવા (ઉ.વ.૬૨)એ જાહેર કર્યા મુજબ, અજયભાઈ સામતભાઈ ભુવા (ઉ.વ.૩૦) પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

# સુરક્ષા સેતુ સોસા. પ્રોજેક્ટ અંતર્ગત અમરેલી પોલીસ દ્વારા મહિલા બુટલેગરોને સિલાઈ મશીન-રેકડીઓનું વિતરણ

અમરેલી, તા.૦૬



અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના મુજબ સુરક્ષા સેતુ સોસાયટી પ્રોજેક્ટ અંતર્ગત અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અમરેલી જિલ્લામાં વસવાટ કરતી કેટલીક મહિલા બુટલેગર કે જેઓ દારૂનો વ્યવસાય કરે છે. આ મહિલાઓને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ થઈ એક સારા નાગરિક બને અને અન્ય વ્યવસાય તરફ વળે તે હેતુથી પોલીસ હેડ કવાટર્સ, અમરેલી ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અમરેલી નાયબ પોલીસ અધિક્ષક, ચિરાગ દેસાઈ તથા નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી.- એસ.ટી.સેલ, નયના ગોરડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતો. આ કાર્યક્રમમાં મહિલા બુટલેગરોને ૧૪ જેટલાં સિલાઈ મશીન તથા ૬ જેટલી લારીઓનું વિતરણ કરવામાં આવેલ હતું. જેમાં મહિલા બુટલેગર દ્વારા સિલાઈ મશીન અને લારી દ્વારા વ્યવસાય કરી, પોતાના પરિવારનું ગુજરાન ચલાવશે તેવી બાહેધરી આપવામાં આવેલ હતી.

# જિલ્લામાંથી નશામાં ચૂર થઈને ફરતાં ૧૫ ઈસમો ઝડપાયા

**પોલીસે તમામ શખ્સો સામે કાર્યવાહી કરી**

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી નશામાં ચૂર થઈને ફરતાં ૧૫ લોકો ઝડપાયા હતા. લીલીયા, કુતાણા, ફાચરીયા, મોટા આંકડીયા, માચીયાળા, જુની બારપટોળી, ધારાબંદર, બાબરા, ચલાલામાં માણાવાવ ગામ જવાના પાટીયા પાસે, ગોપાલગ્રામથી મળીને ૧૫ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા. બગસરામાંથી ૫ લીટર, ચિતલ ગામેથી ૫ લીટર, ફતેપુર ગામેથી ૫ લીટર, બાબરામાંથી ૫ લીટર તથા જામ બરવાળા ગામેથી ૫ લીટર મળી કુલ ૨૫ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. આ સિવાય ૪ ઈસમો નશામાં વાહન ચલાવતાં મળી આવ્યા હતા.

# સાવરકુંડલાના માનવ મંદિરે ગુરૂકુળની વ્યવસ્થા અને નિયમો અંગે મિટિંગ યોજાઈ

સાવરકુંડલા, તા.૦૬



સાવરકુંડલામાં માનવ મંદિર આશ્રમ ખાતે તાલુકાના શિવાલય અને રામજી મંદિરના પૂજારીઓના સંતાનોને નિઃશુલ્ક રહેવા, જમવા અને શૈક્ષણિક સવલતો સારી મળે તે માટે કમિટી દ્વારા ચર્ચા કરવામાં આવેલ. આ તકે માનવ મંદિર ગુરૂકુળ કમિટીના હોદેદારો નાગરભાઈ ગોંડલીયા શહેર પ્રમુખ, મહેશભાઈ ગોંડલીયા તાલુકા પ્રમુખ, બાલકૃષ્ણભાઈ હરિયાણી વાલમેન, મેહુલભાઈ ગોંડલીયા એડવોકેટ, સંદિપભાઈ હરિયાણી શિક્ષક, ઘનશ્યામબાપુ ગોંડલીયા કથાકાર, પ્રવિણભાઈ હરિયાણી વગેરે સાધુ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. સનાતન ધર્મના મંદિરો એટલે કે રામજી મંદિર અને શિવ મંદિરના પૂજારીઓના સંતાનો નિઃશુલ્ક શિક્ષણ મેળવી શકે તે માટે મહત્વની મિટિંગનું આયોજન કરેલ. પૂજ્ય ભક્તિરામબાપુએ વિદ્યાર્થીઓને સારી સગવડતા મળે તે માટે વધુ મહત્વ આપેલ. પૂજ્ય ભક્તિરામબાપુએ કમિટી માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરેલ તેમ માનવ મંદિર પરિવારના બળવંતભાઈ મહેતાની યાદીમાં જણાવેલ છે.

# સાવરકુંડલા સરકારી હોસ્પિટલની ગાયનેક ટીમ દ્વારા ગર્ભાશયની ૧.૦૬ કિલોગ્રામ કોથળીનું સફળ ઓપરેશન

**ડો.હાર્દિક બોરીસાગર તેમજ ડો.દિનેશ સોલંકીની મહેનત રંગ લાવી**

સાવરકુંડલા, તા.૦૬



સાવરકુંડલાની કે.કે. હોસ્પિટલ કે જે પેટા-જિલ્લા કક્ષાની હોસ્પિટલ છે. જેમાં અધિક્ષકના માર્ગદર્શન તળે ગાયનેક (પ્રસૂતિ) વિભાગમાં ગાયનેકોલોજિસ્ટ ડો.હાર્દિક બોરીસાગર તેમજ એનેસ્થેસિયા ડો.દિનેશ સોલંકી અને તેમજ નર્સિંગ સ્ટાફની ટીમ દ્વારા તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ ગર્ભાશયની કોથળીનું સફળ ઓપરેશન કરવામાં આવેલ હતું. જેમાં અંડાશયની પાણીની ભરેલી ગાંઠ પણ કાઢવામાં આવેલ હતી અને દર્દીને સારવાર આપેલ હતી તેમજ આ તમામ સારવાર આયુષ્માન કાર્ડ અંતર્ગત ઉપલબ્ધ છે તેમજ આ વર્ષ દરમિયાન ૧૮૩૦ પ્રસૂતિઓ તેમજ ગાયનેક ઓપીડી ૧૩૦૦૦ થી વધુ છે અને જેનો વધુમાં વધુ દર્દીનારાયણને લાભ મળી રહે તેવું આયોજન કરવામાં આવેલ છે.




AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com
Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455
For product registration, SMS <WTA> to 9829525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | Voltas Limited | My Voltas | My Voltas | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


## અવસાન નોંધ

**સાવરકુંડલા**

અથર્વ વિરેન્દ્રભાઈ ઠાકર (ઉ.વ.૨.૫) (અઢી વર્ષ) તે વિરેન્દ્રભાઈ પ્રવિણચંદ્ર ઠાકરના દીકરાનું તા.૬/૪/૨૫ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૭/૪/૨૫ ને સોમવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૩૦ કલાકે પરશુરામ ઉપવન સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**મહુવા**

વૃજલાલ છગનલાલ ડોડીયા (ઉ.વ.૭૯) તે અનીલભાઈ, મીલનભાઈ, હર્ષાબેન નટવરલાલ પરમાર (ભાવનગર), અલ્પાબેન હરેશકુમાર કારેલીયા (રાજકોટ) ના પિતાશ્રી, તા.૪/૪ને શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે. બેસણું તા. ૭/૪ને સોમવારે લુહારવાડી, કોલેજ રોડ, મહુવા રાખેલ છે.

# અમરેલીમાં કેરીયા રોડ પર દુકાનમાંથી સ્ફોટક પદાર્થ પકડાયો

અમરેલી, તા.૦૬

અમરેલી કેરીયા રોડ ઉપર આવેલ નવજીવન હોસ્પિટલની બાજુમાં આવેલી દર્શનભાઈ ઘનશ્યામભાઈ રેણુકા (ઉ.વ.૨૪)ની ગુરૂકૃપા ટ્રેડલિંક નામની દુકાનમાંથી સ્ફોટક પદાર્થ રાખવા તથા વેચવા અંગે સક્ષમ અધિકારીનું લાયસન્સ મેળવ્યા વગર ગેરકાયદેસર રીતે પોતાના કબ્જામાં ઉપરોક્ત સ્ફોટક પદાર્થ કુલ રૂ.૯૨૬૦ નો વેચાણ કરતા અમરેલી એસઓજી ટીમને મળી આવ્યો હતો.

# રાજુલાના માંડળ ગામે બસ સ્ટેશન પાસે જાહેરમાં અડચણરૂપ વાહન પાર્ક કરતા કાર્યવાહી

રાજુલા, તા.૦૬

અમરેલી જિલ્લામાં વાહનોની વધતી જતી સંખ્યાના કારણે ટ્રાફિકની સમસ્યા પણ દિન પ્રતિદિન વિકરાળ રૂપ ધારણ કરી રહી છે. જેને લઈ જિલ્લાના મુખ્ય મથકો પર સમયાંતરે ટ્રાફિક ડ્રાઈવ કરવામાં આવે છે. રાજુલાના માંડળ ગામે બસ સ્ટેશન પાસે જાહેર રસ્તામાં અડચણરૂપ તથા જોખમરૂમ થાય તે રીતે રસ્તે આવતા જતા રાહદારીઓને તેમજ વાહન ચાલકોને અડચણરૂપ થાય તે રીતે વાહન ઉભું રાખતા ચાલક સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.


**નામ બદલાવેલ છે**

આથી સોગદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ દેબબાઈબેન ગોબરભાઈ શેલડિયા હતું જે તેમાંથી બદલાવી નવું નામ દેવબાઈબેન ગોબરભાઈ શેલડિયા રાખેલ છે, હવેથી દેવબાઈબેન ગોબરભાઈ શેલડિયા નામથી ઓળખાઈશ તેની સર્વેએ નોંધ લેવી.

દેવબાઈબેન ગોબરભાઈ શેલડિયા
મુ- કુંભારીયા
તા. રાજુલા, જી. અમરેલી ૩૬૫૫૬૫ (ગુજરાત)



**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# સાવરકુંડલાના જાગૃત નાગરિકની ખેડૂતોના પ્રશ્ને નાયબ કલેક્ટરને રજૂઆત

સાવરકુંડલા,તા.૦૬



સાવરકુંડલા તાલુકાના ખેડૂતો અને જાગૃત નાગરિકો દ્વારા નાયબ કલેક્ટરને ખેડૂતોના ઓક્સિજન સમાન પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી. સલીમભાઈ ઈસ્માઈલભાઈ માલવિયાએ પ્રાંત કચેરી મામલતદાર ઓફિસ નાયબ કલેક્ટરને પત્ર લખીને વિજયનગર રોડની ખરાબ હાલત અંગે રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ રોડ ખેડૂતો અને મજૂરો માટે માથાના દુઃખાવા સમાન છે, તેથી તેને પાકો ડામર રોડ બનાવવામાં આવે. આ ઉપરાંત, સાવર સામાપાદરના અમૃત સરોવર (ભેસાણ ડેમ)ને સૌની યોજનામાં જોડવાથી ખેડૂતોને સિંચાઈનો લાભ મળી શકે અને તળ ઊંચા આવે, તેથી તેને સૌની યોજનામાં જોડવા વિનંતી કરવામાં આવી હતી. બાયપાસમાં ખેડૂતોની જમીન સંપાદન થયેલ છે, જેનું ૬૬ ખેડૂતોને નજીવું વળતર આપવામાં આવ્યું છે, તેથી તેમને નિયમિત વળતર ચૂકવવાની માંગણી કરવામાં આવી હતી. સાવર સામાપાદર ગામના ખેડૂતો અને ખેતમજૂરો વતી સલીમભાઈ ઈસ્માઈલભાઈ માલવિયાએ આ રજૂઆત કરી હતી.

# બગસરામાં લાયસન્સ વગર ફટાકડા વેચતા ઈસમ સામે એસઓજીએ કાર્યવાહી કરી

બગસરા, તા.૦૬



ડીસામાં ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટમાં ૨૨ લોકોના મોત પછી વહીવટીતંત્રની ઘોડા છૂટી ગયા બાદ તાળા મારવા જેવી સ્થિતિ છે. હાલ રાજ્યભરમાં ફટાકડા વેચતા કે બનાવતા એકમો પર તપાસ કરવામાં આવી રહી છે. બગસરામાં સરદાર ચોકમાં રહેતા અને ફટાકડાનો ધંધો કરતા કૌશિકભાઈ મહેન્દ્રભાઈ ભરખડા (ઉ.વ.૪૨)ની માલિકીની દુકાન-ગોડાઉનમાં અલગ અલગ બ્રાન્ડના રૂ. ૧૮૦૦૦ની કિંમતના લાયસન્સ કે પાસ પરમીટ વગર ફટાકડાનું જાહેરમાં વેચાણ કરવા બદલ અમરેલી એસઓજી ટીમે કાર્યવાહી કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એચ. મીંગ વધુ તપાસ કરી રહ્યા છે. રાજુલામાં રહેતા નિલેશભાઈ ચંદ્રકાંતભાઈ સંઘવી (ઉ.વ.૪૯)ની દુકાનમાંથી સુતળી બોંબના ૨૦૪ બોક્સ મળ્યા હતા.

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા સ્લમ વિસ્તારમાં ચપ્પલ વિતરણ

અમરેલી,તા.૦૬




લાયન્સ ક્લબ ઓફ અમરેલી મેઈન દ્વારા સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત શહેરના સ્લમ વિસ્તારમાં નાના બાળકો અને મહિલાઓને ચપ્પલ વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ક્લબે મહિલા વિકાસ ગૃહની દીકરીઓને ભોજન પણ આપ્યું હતું. ક્લબના સભ્યોએ ગરીબ બાળકો અને મહિલાઓને ચપ્પલ વિતરણ કરીને તેમને મદદરૂપ થવાનો પ્રયાસ કર્યો હતો. મહિલા વિકાસ ગૃહની દીકરીઓને ભોજન કરાવવાથી તેમને પણ ખુશી અને સંતોષ મળ્યો હતો.

# ભેંકરામાં બ્રહ્મકુમારીઝ દ્વારા રામેશ્વર દર્શન અને રામકથા સપ્તાહનું આયોજન

અમરેલી,તા.૦૬



બ્રહ્માકુમારીઝ અમરેલી અને સાવરકુંડલા દ્વારા ભેંકરા ગામની પ્રાથમિક શાળામાં રામેશ્વર દર્શન અને રામકથા સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૩ થી ૧૦ સુધી દરરોજ રાત્રે ૮ થી ૯.૧૫ વાગ્યા સુધી યોજાનાર આ કથા કેનેડા નિવાસી બ્ર.કુ. રાહુલભાઈ નકુમના શ્રેષ્ઠ સંકલ્પથી આયોજિત થઈ છે. પૂર્વ સરપંચ માધવભાઈ બલદાણીયા, ગ્રામ પંચાયત સદસ્ય છગનભાઈ કવાડ, માજી સરપંચ અરશીભાઈ શ્યોરા અને અન્ય આગેવાનોએ દીપ પ્રાગટ્ય દ્વારા કથાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે સાવરકુંડલા અને અમરેલી સેવા કેન્દ્રના બ્ર.કુ. દક્ષાબેન, બ્ર.કુ. કિંજલદીદી, બ્ર.કુ. તૃપ્તિદીદી અને બ્ર.કુ. ખુશી પણ ઉપસ્થિત રહ્યા હતા. બ્ર.કુ. કિંજલદીદી નાનકડા ભેંકરા ગામના ૪૦૦થી વધુ ભાવિકોને રામના જીવન દર્શન અને ગુણગાનની કથાનું રસપાન કરાવી રહ્યા છે. રામનામ ધૂનથી સભા ગુંજી ઉઠી હતી. અંતમાં સૌએ પ્રભુના ઘરનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કેનેડા નિવાસી બ્ર.કુ. રાહુલભાઈ નકુમે કર્યું છે.

# અમરેલીમાં મોટર સાયકલ અને ટ્રાન્સપોર્ટ વાહનો માટે નવી સિરીઝની ઈ-ઓક્શન પ્રક્રિયા ૧૨ એપ્રિલથી શરૂ થશે

અમરેલી, તા.૦૬

અમરેલીમાં એ.આર.ટી.ઓ. દ્વારા મોટરસાયકલ વાહનોની નવી સિરીઝ GJ ૧૪ MN, MQ, MR ૦૦૦૧ થી ૯૯૯૯ માટે અને ટ્રાન્સપોર્ટ વાહનો માટે નવી સિરીઝ GJ ૧૪ X ૦૦૦૧ થી ૯૯૯૯ માટેની ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરાશે. અમરેલી એ.આર. ટી.ઓ. દ્વારા આ માટે ઓનલાઈન અરજી આગામી એપ્રિલ મહિનાની ૧૨મી તારીખે સાંજે ૪ વાગ્યાથી ૧૪મી તારીખે સાંજે ૪ વાગ્યા સુધી કરી શકાશે. બિડિંગનો સમયગાળો ૧૪મી એપ્રિલથી ૧૬મી એપ્રિલ, ૨૦૨૫ સુધી રહેશે અને ઈ-ઓકશનનું પરિણામ ૧૬મી એપ્રિલે જાહેર કરવામાં આવશે. ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે https://parivahan.gov.in/parivahan/ પર નોંધણી કરાવવાની રહેશે, જેમાં યુઝર આઈડી અને પાસવર્ડ બનાવ્યા બાદ હરાજી અને ચુકવણીની પ્રક્રિયામાં ભાગ લઈ શકાશે.

# અમરેલીની તરૂણીએ યુવકની ધમકીથી ગભરાઈ જઈ આપઘાત કર્યો

**પોલીસે ફરિયાદ નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા.૦૬

અમરેલીની તરૂણીએ ગીરીયા ગામનાં યુવકની ધમકીથી ગભરાઈને ગળાફાંસો ખાઈ લીધો હતો. જેમાં તાલુકા પોલીસે મરી જવા મજબુર કર્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. અમરેલી તાલુકાના ગીરીયા ગામે રહેતા કેતનભાઈ રમેશભાઈ સોલંકી નામનો આરોપી જાણતો હોય કે મૂળ લાઠી પંથકની વતની અને હાલ અમરેલીના સાવરકુંડલા બાયપાસ રોડ ઉપર રહેતી એક તરૂણી સગીર વયની છે તેમ છતાં આરોપીએ તેણી સાથે પ્રેમ સંબંધ બાંધી તેણીની સાથે ફોનમાં વાતચીત કરી તેણીના ચારિત્ર્ય બાબતે શંકા કરી તેમજ બદનામ કરવાની અને મારી નાખવાની ધમકીઓ આપતા તરૂણીને લાગી આવતાં ગત તા. ૩ના રોજ બપોરે ૧:૪૦ વાગ્યે તેણીએ પોતાના ઘરે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં તરૂણીનું મોત નિપજતા આ બનાવમાં અમરેલી તાલુકાના ગીરીયા ગામે રહેતા આરોપી કેતનભાઈ રમેશભાઈ સોલંકી સામે તરૂણીને મરવા મજબુર કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# અમરેલીમાં માતાને 'કેમ જમવાનું આપતા નથી' કહી ગાળો આપી

**લાફા મારીને છાતીના ભાગે ઢીકા માર્યા**

અમરેલી, તા.૦૬

અમરેલીમાં રહેતા ચંદ્રિકાબેન ભરતસિંહ યાદવ (ઉ.વ.૬૫)એ જયેશભાઈ ભરતસિંહ યાદવ સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીએ તેમના માતાને 'મને કેમ જમવાનું આપતા નથી' તેમ કહી આરોપીએ તેના પિતાને ગાળો આપી હતી. જેથી ગાળો આપવાની ના પાડતા એકદમ ઉશ્કેરાઈ જઈ લાફા મારી છતીના ભાગે ઢીકા માર્યા હતા. આ સમયે તેઓ વચ્ચે પડતા તેને પણ નજીકમાંથી ફાઈબર જેવો પાઈપ લઈ આવી ડાબા હાથે બાવડા ઉપર બે ઘા મારી ડાબા પગના સાથળના ભાગે એક ઘા મારી મુંઢ ઈજાઓ કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ સુનિલકુમાર અરવિંદભાઈ પટેલ વધુ તપાસ કરી રહ્યા છે.

# સ્વ. શ્રી. એચ. પી. જાની સમાજ સેવા મંડળ દ્વારા ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ

સાવરકુંડલા, તા.૦૬



સ્વ. શ્રી. એચ.પી. જાની સમાજ સેવા મંડળ દ્વારા ડોક્ટર વસંતભાઈ જાનીના માતુશ્રી તથા પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે વોર્ડ-૪ ના રઘુવંશી પરા વિસ્તારમાં તેમના નિવાસસ્થાને ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણની જાળવણી અને પશુ-પક્ષીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરવાનો હતો. આ પ્રસંગે સાવરકુંડલા-લીલીયાના લોકલાડીલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને આ સેવાકીય કાર્યને બિરદાવ્યું હતું. તેમણે પર્યાવરણ અને જીવસૃષ્ટિના જતન માટે આવા કાર્યોની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં પૂજ્ય મહંત શ્રી રામદાસ બાપુ, પૂજ્ય અયોધ્યાદાસ બાપુ અને પૂજ્ય કરશનગીરી બાપુએ આશીર્વચન પાઠવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: દશમ
તા. ૦૭-૦૪-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૫,
સૂર્યાસ્ત-૦૬:૪૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

તા.૦૭-૦૪-૨૦૨૫ સોમવાર

મેષ: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે.

વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે.

મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.

કર્ક: આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે.

સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો.

કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો.

તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો.

ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ દિવસ સારો રહેશે.

મકર: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. ધ્યાનમાં રાખો કે આજે કોઈને પૂછ્યા વિના સલાહ ના આપો, નહીં તો તેનાથી વિપરીત અસર તમારા પર પડી શકે છે.

# સાવરકુંડલાની બ્રાન્ચ શાળા નં. ૪માં વિદાય સમારંભ અને SMC મિટિંગનો ત્રિવેણી સંગમ

સાવરકુંડલા, તા.૦૬



સાવરકુંડલાની બ્રાન્ચ શાળા નં. ૪માં તા.૨-૩-૨૦૨૫ ના રોજ ધોરણ-૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને શાળા વિકાસ બાબતે SMC મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં SMC અધ્યક્ષ હરેશભાઈ, શિક્ષણવિદ્ ઘનશ્યામભાઈ ત્રિવેદી, કરશનભાઈ આલ, લક્ષ્મીબેન તથા BRP અજયભાઈ મહેતા અને ભાવનાબેન ઉપસ્થિત રહ્યા હતા. શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળામાં ચાલતા વ્યાવસાયિક શિક્ષણમાં વિદ્યાર્થીઓને અવનવી પ્રવૃત્તિ કરાવતા શિક્ષકો વર્ષાબેન અને શિલ્પાબેનનું સન્માન કરવામાં આવ્યું હતું. અક્ષર સુધારણા કાર્યક્રમ માટે પારૂલબેનનું પણ સન્માન કરાયું હતું. ઘનશ્યામભાઈએ શાળાની પૂર્વ અને હાલની સ્થિતિની માહિતી આપી આચાર્ય અને સ્ટાફને અભિનંદન આપ્યા હતા. CRC કો. વિપુલભાઈ દુધાતે વિદ્યાર્થીઓને બોલપેન આપી શુભેચ્છા પાઠવી હતી.

# થોરડીનો સાઈકલીસ્ટ યુવાન અનંત અંબાણી સાથે દ્વારકામાં દર્શન કરશે

સાવરકુંડલા, તા.૦૬



સાવરકુંડલા તાલુકાનું થોરડી ગામનો યોગી બરવાળીયા નામનો યુવાન સોલો સાયકલ રાઈડ કરે છે. તે ૩૫૨ કિલોમીટરની સાઈકલ રાઈડ કરીને ૧૦ એપ્રિલના રોજ રીલાયન્સના અનંત અંબાણીના જન્મ દિવસે તેની સાથે દ્વારકાધીશના દર્શન કરશે. અગાઉ પણ તેણે સાઈકલ દ્વારા જૂનાગઢ, સોમનાથ, દ્વારકા, બેટ દ્વારકા, સાળંગપુર, ભોળાદ, ડાકોર, ઉજ્જૈન, અયોધ્યાનો પ્રવાસ ખેડ્યો હતો. તે કહે છે કે, મારું એક મિશન છે 'સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત.'હેલ્થી ઈન્ડિયા મિશન સાથે બાર જ્યોતિર્લિંગની સાયકલ યાત્રા કરું છું.

# સાવરકુંડલામાં આપાલાખાની જગ્યામાં બટુકભોજન અને સંતવાણી યોજાઈ

**સંતવાણીમાં વિશાળ સંખ્યામાં લોકો હાજર રહ્યા**

સાવરકુંડલા, તા.૦૬



સાવરકુંડલા શહેરની નાવલી નદી કાંઠે ૪ એપ્રિલે સુપ્રસિદ્ધ સંત શ્રી આપાલાખાની જગ્યામાં ઉત્સાહભેર બટુકભોજન કરાવવામાં આવ્યું હતું. આ બટુકભોજનની પરંપરા સંત શ્રી આપાલાખાના સમયથી ચાલી આવે છે. દર મહિનાની સાતમે બટુકભોજનનું આયોજન કરવામાં આવે છે. આ વખતે પણ ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે ત્યારે સાતમના દિવસે બટુકભોજન અને રાત્રે સંતવાણીનું આયોજન થયું હતું, જેમાં વિશાળ સંખ્યામાં સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં ઓમકાર કેળવણી ટ્રસ્ટ દ્વારા પક્ષીઓ માટે ૧૦૦૦ કુંડાનું વિનામૂલ્યે વિતરણ

સાવરકુંડલા, તા.૦૬



સા.કુંડલામાં ઓમકાર કેળવણી ટ્રસ્ટ સંચાલિત મૂળરાજ ધરમશી નેણશી વિદ્યાલય દ્વારા ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓને પાણી મળી રહે તે માટે ૧૦૦૦ માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. છેલ્લા ચાર વર્ષથી સંસ્થા દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. આ વર્ષે પણ સંસ્થાએ મોટી સંખ્યામાં કુંડાનું વિતરણ કર્યું હતું, જેનાથી પક્ષીઓને પીવાના પાણીની વ્યવસ્થા થશે અને તેમને ગરમીથી રાહત આપશે. શહેરના નાગરિકોએ સંસ્થાના આ કાર્યને ખૂબ વખાણ્યું હતું. ઓમકાર કેળવણી ટ્રસ્ટ છેલ્લા ઘણા વર્ષોથી બાળકોને વિનામૂલ્યે સ્કૂલબેગ, બૂટ, મોજાં, સ્ટેશનરી, પુસ્તકો, ગરમ કપડાં અને અન્ય વસ્તુઓનું વિતરણ કરે છે. સંસ્થા શિક્ષિત સમાજના નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે.

**તંત્રી લેખ**

# ભારતનો સૌથી પહેલો વર્ટિકલ લિફ્ટ બ્રિજ

રામનવમીના શુભ દિવસે પીએમ મોદી ભારતના પ્રથમ વર્ટિકલ લિફ્ટ બ્રિજ પંબન બ્રિજની રાષ્ટ્રને ભેટ આપી છે. જેમાં ઘણી વિશેષતાઓ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રામનવમીના અવસરે રામેશ્વરમમાં નવા પંબન રેલ બ્રિજનું ઉદ્ઘાટન કર્યું છે. આ પછી, રામેશ્વરમ સ્થિત પ્રખ્યાત રામનાથસ્વામી મંદિરમાં પણ પ્રાર્થના કર્યા બાદ તેઓએ તમિલનાડુમાં ૮,૩૦૦ કરોડ રૂપિયાથી વધુના વિવિધ રેલ અને રોડ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો અને તેમને રાષ્ટ્રને સમર્પિત કર્યા. પંબન બ્રિજ ભારતનો પહેલો વર્ટિકલ લિફ્ટ રેલવે સી બ્રિજ છે. આ પુલ ૨.૦૭ કિલોમીટર લાંબો છે, જે પાલ્ક સ્ટ્રેટને પાર કરે છે, જે વધુ સારી કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ નવો પુલ ૧૯૧૪માં બનેલા જૂના પંબન પુલનું સ્થાન લેશે, જે એક કેન્ટીલીવર માળખું હતું અને રામેશ્વરમ ટાપુને ભારતીય મુખ્ય ભૂમિ સાથે જોડતું હતું. સમય જતાં, પુલ વધતી જતી પરિવહન જરૂરિયાતોને પૂર્ણ કરવામાં અસમર્થ બન્યો અને દરિયાઈ પર્યાવરણની અસરોથી પ્રભાવિત થયો. ૨૦૧૯ માં, કેન્દ્ર સરકારે આ નવા પુલના નિર્માણને મંજૂરી આપી હતી. પંબન પુલની વિશેષતાઓ સૌ કોઈને આશ્ચર્યચકિત કરે તેવી છે. ભારતના કન્ટ્રક્શન એન્જિનિયરિંગ પ્રગતિના પ્રતીક જેવો પુલ છે. આવા પૂલ વિશ્વમાં બહુ ઓછા બન્યા છે. ૧૯૧૪ માં જુનો પુલ બન્યો હતો જે લોખંડના ગર્ડરનો બનેલો ખૂબ જ મજબૂત અને વજનદાર પુલ હતો જે ગમે તેવા દરિયાના તોફાન સામે ટકી રહે તેવો હતો. આના પહેલા જે પૂલ હતો તે દરિયાઈ તોફાનમાં તૂટી ગયો હતો જેમાં આખી ટ્રેન દરિયામાં સમાઈ ગઈ હતી. આ ભયંકર અકસ્માત પછી આ પુલ ન બનાવવામાં આવ્યો. આ પુલ પણ કેન્સલ કરીને હવે નવો વર્ટિકલ લિફ્ટ બ્રિજ બનાવવામાં આવ્યો છે. ગુજરાતમાં સૌથી પહેલો કેબલ સ્ટેગ બ્રીજ ભાવનગરમાં બન્યો જે એન્જિનિયરિંગનો એક નમૂનો જ છે. આવી જ રીતે અમદાવાદમાં સાબરમતી પર સિગ્નેચર બ્રિજ બન્યો પરંતુ વર્ટિકલ લિફ્ટ બ્રિજ કે જે દુનિયાનો સૌથી લાંબો પુલ છે તેનું લોકાર્પણ ગઈકાલે રામનવમીને દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. એન્જિનિયરિંગની અજાયબીનો આ નમૂનો અનેક વિશેષતાઓ ધરાવે છે જે નીચે મુજબ છે. નેવિગેશનલ સ્પાનઃ પુલનો ૭૨.૫ મીટર લાંબો નેવિગેશનલ સ્પાન ૧૭ મીટર સુધી વધી શકે છે જેથી મોટા જહાજો તેની નીચેથી પસાર થઈ શકે. આ પુલ જૂના પુલ કરતા ૩ મીટર ઊંચો છે, જે દરિયાઈ જોડાણમાં સુધારો કરશે. આ પુલ ઉચ્ચ ગુણવત્તાવાળા સ્ટેનલેસ સ્ટીલમાંથી બનાવવામાં આવ્યો છે જેથી તે મજબૂત અને લાંબા સમય સુધી ટકી રહે અને તેની સપાટી ખાસ રક્ષણાત્મક પેઇન્ટથી કોટેડ છે. આ પૂલની ડિઝાઈન આધુનિક ટેકનોલોજીના નમુનારૂપ છે. પુલનું સબસ્ટ્રક્ચર બે ટ્રેક માટે પૂરું પાડે છે. જૂનો પંબન પુલ વધતા ટ્રાફિક અને આધુનિક પરિવહન જરૂરિયાતોને પૂર્ણ કરવામાં અસમર્થ હતો. નવો પંબન બ્રિજ ભારે રેલ ટ્રાફિક અને હાઇ-સ્પીડ ટ્રેનો માટે રચાયેલ છે. આ પુલ દરિયાઈ માર્ગ માટે પણ અનુકૂળ છે. પુલનું નિર્માણ આધુનિક એન્જિનિયરિંગ પદ્ધતિઓ અને સ્ટેનલેસ સ્ટીલ જેવી અદ્યતન સામગ્રીનો ઉપયોગ કરીને કરવામાં આવેલ છે. પુલનું ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે દરિયાઈ વાતાવરણમાં ટકાઉપણું જાળવવા માટે ઉપયોગમાં લેવાતા એન્ટી-કોરોસિવ કોટિંગ્સ કરવામાં આવેલું છે જેને કારણે દાયકાઓ સુધી દરિયામાં હોવા છતાં આ પુલના લોખંડને કાટ નહીં લાગે. સ્થળના પડકારોને ધ્યાનમાં રાખીને લિફ્ટ સ્પાન ઓટો લોન્ચિંગ પદ્ધતિ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો અને હાઈડ્રોલિક જેકિંગ દ્વારા યોગ્ય સ્થાન પર સ્થાપિત કરવામાં આવ્યો હતો. બાંધકામ દરમિયાન તોફાન, ચક્રવાત અને ભૂકંપીય પ્રવૃત્તિઓ જેવા પડકારોનો સામનો કરવો પડ્યો હતો. પુલની બાંધકામ સામગ્રીને દૂરના સ્થળે લઈ જવામાં મુશ્કેલીઓ હતી. આ બધા પડકારો છતાં, પ્રોજેક્ટ સુરક્ષિત રીતે પૂર્ણ થયો. નવો પંબન પુલ ભારતની વધતી જતી માળખાગત ક્ષમતાઓને પ્રતિબિંબિત કરે છે. આ પુલ ગોલ્ડન ગેટ, ટાવર અને ઓરેસુંડ જેવા વિશ્વ કક્ષાના પુલોની હરોળમાં જોડાય છે. આ પુલ ભારતીય એન્જિનિયરિંગનું પરાક્રમ દર્શાવે છે અને ભૌગોલિક અને પર્યાવરણીય પડકારોને દૂર કરવાની તેની ક્ષમતા સાબિત કરે છે. તેનું આયુષ્ય ૧૦૦ વર્ષથી વધુ હોવાનો અંદાજ છે. રાષ્ટ્રની એન્જિનિયરિંગ ક્ષમતાના આ પુરાવા વાળો પુલ રામેશ્વરની યાત્રાએ જતા ભાવિકો માટે એક દર્શનીય સ્થળ બનશે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**નમસ્કાર મિત્રો,**

ગયા સોમવારનાં અંકમાં આપણે દશાંશ અપૂર્ણાંક સંખ્યાઓનો લ.સા.અ. અને ગુ.સા.અ. કેવી રીતે મેળવી શકાય તે માટેની રીત-૧ જોઈ. આ હપ્તામાં આગળ બીજી રીત જોઈશું. ત્યારબાદ લ.સા.અ. અને ગુ.સા.અ. પરના વિવિધ પ્રકારના ઉદાહરણો જોઈશું.

**● દશાંશ અપૂર્ણાંક સંખ્યાઓનો લ.સા.અ. અને ગુ.સા.અ.**

રીત : ૨ : દશાંશ ચિહ્ન સરખા કરી લ.સા.અ. અને ગુ.સા.અ. શોધવો.

**ઉદાહરણ -૧ :** 0.4, 1.6, 0.64 અને 0.032 નો લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો

**ઉકેલ :** આ રીતમાં આપેલી બધી જ સંખ્યાના દશાંશ ચિહ્ન પછીનાં અંકોની સંખ્યા સરખી કરવામાં આવે છે. આ માટે જે સંખ્યામાં દશાંશ ચિહ્ન પછીના અંકોની સંખ્યા વધુ હોય તે સંખ્યા ધ્યાનમાં લેવામાં આવે છે.

અહીં 0.032 માં દશાંશ ચિહ્ન પછી સૌથી વધુ ત્રણ અંકો છે. આથી બધી જ સંખ્યાઓમાં દશાંશ ચિહ્ન પછી ત્રણ અંકો લાવીશું. ઉપરાંત સંખ્યાઓ નીચે પ્રમાણે ફેરવાશે.

0.4=0.400, 1.6=1600

0.64=0.640, 0.032=0.032

હવે મળતી બધી જ સંખ્યાઓમાંથી દશાંશ ચિહ્ન દૂર કરી મળતી સંખ્યાઓનો લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો.

દશાંશ ચિહ્ન દૂર કરતા મળતી સંખ્યાઓ અનુક્રમે 400, 1600, 640 અને 32 છે.

400, 1600, 640 અને 32 નો લ.સા.અ. =3200

અને ગુ.સા.અ. =16

(લ.સા.અ. અને ગુ.સા.અ. સ્વપ્રયત્ને મેળવો)

હવે, મળેલ લ.સા.અ. અને ગુ.સા.અ.માં દશાંશ ચિહ્ન, આપેલી સંખ્યાઓમાં દશાંશ ચિહ્ન પછી જેટલા અંકો છે તેટલા સ્થાન પ્રમાણે મૂકો.

આમ, લ.સા.અ. =3200/1000=3.2

અને ગુ.સા.અ. 16/1000=0.016

હવે, લ.સા.અ. અને ગુ.સા.અ. પરના વિશિષ્ટ ઉદાહરણો જોઈએ.

**● મોટામાં મોટી અને નાનામાં નાની સંખ્યા શોધવી**

**ઉદાહરણ-૨ :** 4 આંકડાની મોટામાં મોટી સંખ્યા શોધો. જે 12, 18, 21 અને 28 વડે નિઃશેષ ભાગી શકાય.

(A) 4912 (B) 9828 (C) 9999 (D) 9900

**ઉકેલ :** લ.સા.અ.ની વ્યાખ્યા મુજબ 12, 18, 21 અને 28 નો લ.સા.અ. એ એવી નાનામાં નાની સંખ્યા છે કે જેને આપેલી સંખ્યાઓ વડે નિઃશેષ ભાગી શકાય. આથી સૌ પ્રથમ 12, 18, 21 અને 28 નો લ.સા.અ. મેળવીશું.

12, 18, 21 અને 28 નો લ.સા.અ. = 252

252 એ ત્રણ આંકડાની સંખ્યા છે. આપણે 4 આંકડાની મોટામાં મોટી સંખ્યા જોઈએ છે. માગેલી સંખ્યાએ 252નો ગુણિત હશે. 4 આંકડાની મોટામાં મોટી સંખ્યા 9999 છે. પરંતુ તે 252 નો ગુણિત નથી. તે મેળવવા 9999 ને 252 વડે ભાગીએ. 9999 ને 252 વડે ભાગતા ભાગફળ 39 અને શેષ 171 મળે છે.

તેથી 9999-171=9828 જે ચાર અંકની મોટામાં મોટી સંખ્યા છે. જે 12, 18, 21 અને 28 વડે નિઃશેષ વિભાજ્ય છે.

Ans : (B)

**ઉદાહરણ-૩ :** 5, 12 અને 24 વડે વિભાજ્ય હોય તેવી નાનામાં નાની પૂર્ણવર્ગ સંખ્યા શોધો.

(A) 36 (B) 900 (C) 125 (D) 3600

**ઉકેલ :** સૌ પ્રથમ 5, 12 અને 24 વડે વિભાજ્ય હોય તેવી નાનામાં નાની સંખ્યા શોધીએ. આ માટે તેમનો લ.સા.અ. શોધીએ.

| | | | |
|---|---|---|---|
| 2 | 5 | 12 | 24 |
| 2 | 5 | 6 | 12 |
| 2 | 5 | 3 | 6 |
| 3 | 5 | 3 | 3 |
| 5 | 5 | 1 | 1 |
| | 1 | 1 | 1 |

તેથી લ.સા.અ. 2x2x2x3x5=120

હવે, 120 એ પૂર્ણવર્ગ નથી તેને પૂર્ણવર્ગ બનાવવા માટે 2x3x5=30 વડે ગુણવા પડશે.

તેથી માગેલી પૂર્ણવર્ગ સંખ્યા = 120x30 = 3600

Ans.(D)

**ઉદાહરણ-૪ :** એવી નાનામાં નાની સંખ્યા શોધો. જેને 12, 15, 20 અને 54 વડે ભાગતા દરેક વખતે શેષ 2 વધે.

(A) 342 (B) 107 (C) 542 (D) 832

**ઉકેલ :** આપણે જાણીએ છીએ કે લ.સા.અ. એવી નાનામાં નાની સંખ્યા છે કે, જેને આપણે આપેલી સંખ્યાઓ વડે નિઃશેષ ભાગી શકીએ. આથી સૌ પ્રથમ આપેલી સંખ્યાઓનો લ.સા.અ. શોધીશું. પરંતુ અહીં આપેલી સંખ્યા વડે ભાગતા દરેક વખતે શેષ 2 વધે છે. આથી લ.સા.અ.માં 2 ઉમેરીશું.

**કારકિર્દી માર્ગદર્શન**
**- અમરેલી ગણિત વર્તુળ**
**સૂર્યકાંત પાઠક**
**મો. નં. ૯૪૨૭૫૦૫૧૦૭**

હવે 12, 15, 20 અને 54 નો લ.સા.અ. = 540

તેથી માગેલી સંખ્યા = 540+2=542

Ans.(C)

**બીજ ગણિત અને લ.સા.અ.-ગુ.સા.અ.**

બૈજિક સંખ્યાઓ અને બૈજિક પદાવલિના સંદર્ભમાં પણ લ.સા.અ. અને ગુ.સા.અ. વિચારી શકાય. પરંતુ અહીં સામાન્ય ઘાતાંક અને અવયવ સૂત્રનો ઉપયોગ થાય તેવા જ પ્રશ્નો પૂછાતા હોય છે. આપણે કેટલાક ઉદાહરણ જોઈએ.

**ઉદાહરણ-૫ :** $x^2yz$, $xy^2z$ અને $xyz^2$નો લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો.

(A) $xyz$ અને 1 (B) $x^2y^2z^2$ અને $xyz$

(C) $xyz$ અને $x^2y^2z^2$ (D) $x^2y^2z^2$ અને 1

**ઉકેલ :** અહીં આપેલી ત્રણેય સંખ્યાઓમાં x, y અને z છે. x, y અને z નો મહત્તમ ઘાત 2 અને ન્યૂનતમ ઘાત 1 છે.

તેથી લ.સા.અ. $=x^2y^2z^2$ અને ગુ.સા.અ.= $xyz$

Ans.(B)

**ઉદાહરણ -૬ :** $a^3-b^3$ અને $a^2-b^2$નો ગુ.સા.અ. શોધો.

(A) (a-b) (B) 1 (C) $a^2-b^2$ (D) $a^3-b^3$

**ઉકેલ :** સૌ પ્રથમ $a^3-b^3$ અને $a^2-b^2$નાં અવયવો મેળવીએ.

$a^3-b^3=(a-b)(a^2+ab+b^2)$

$a^2-b^2=(a-b)(a+b)$

બંનેમાં સામાન્ય અવયવ (a-b) છે. તેથી ગુ.સા.અ. =(a-b)

Ans.(A)

**ઉદાહરણ-૭ :** $4a^3b^2$, $5b^3c^2$ અને $6c^3a^2$ નો લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો.

(A) $60a^3b^3c^3$ અને 60 abc

(B) 60 abc અને $a^3b^3c^3$

(C) 60 $a^3b^3c^3$ અને 1

(D) $a^3b^3c^3$ અને 1

**ઉકેલ :** અહીં સૌ પ્રથમ સહગુણકો 4, 5 અને 6 ના લ.સા.અ. અને ગુ.સા.અ. શોધીશું.

4, 5, 6 નો લ.સા.અ. =60 અને ગુ.સા.અ. = 1

a, b, c નો મહત્તમ ઘાત 3 છે.

તેથી આપેલી સંખ્યાઓનો લ.સા.અ. = $60a^3b^3c^3$

હવે, a, પહેલી અને ત્રીજી સંખ્યામાં છે પરંતુ બીજી સંખ્યામાં નથી. તેવી જ રીતે b એ ત્રીજી સંખ્યામાં નથી અને c એ પહેલી સંખ્યામાં નથી. તેથી કોઈ અવયવ સામાન્ય નથી. તેથી ગુ.સા.અ. = 1

આમ, લ.સા.અ. = $60a^3b^3c^3$ અને ગુ.સા.અ. = 1

Ans.(C)

**હવે નીચેના ઉદાહરણ સ્વપ્રયત્ને ગણો.**

૧. બે સંખ્યાઓનો ગુ.સા.અ. અને લ.સા.અ. અનુક્રમે 14 અને 280 છે. જો એક સંખ્યા 56 હોય, તો બીજી સંખ્યા કઈ હશે ?

(A) 42 (B) 56 (C) 70 (D) 84

૨. 4/5, 5/6 અને 7/12 નો ગુ.સા.અ. કેટલો થશે ?

(A) 1/60 (B) 7/18 (C) 5/36 (D)70/30

૩. 4 આંકડાની નાનામાં નાની સંખ્યા શોધો. જે 12, 18, 21 અને 28 વડે નિઃશેષ ભાગ શકાય.

(A) 2016 (B) 3024 (C) 7058 (D)1008

૪. $(x^4-y^4)$ અને $(x^3-y^3)$ નો ગુ.સા.અ. શોધો.

(A) $(x^2-y^2)$ (B) $(x-y)$ (C) $(x^3-y^3)$ (D) $(x^7-y^7)$

૫. 32 અને 40 નો લ.સા.અ. એ કોઈ સંખ્યા xનાં વર્ગથી 9 જેટલો ઓછો છે. તો xનું ઘનમૂલ્ય શોધો.

(A) 14 (B) 12 (C) 11 (D) 13

**ઉત્તર**

1. C 2. A 3. D 4. B 5. D

# સંબંધોની સીમારેખા : ખમવું, નમવું અને જતું કરવું

સમગ્ર માનવજાત એકબીજા સાથેના સંબંધોની સાંકળ છે. સંબંધોના સથવારે સૌ જીવી રહ્યા છે. હજારો, લાખો કે કરોડો વર્ષોથી આ પૃથ્વી પર માનવનું અસ્તિત્વ છે ત્યારથી દરેક માણસ બીજા કોઈ માણસ સાથે કોઈને કોઈ પ્રકારે સંબંધોથી જોડાયેલ હોય છે. કુટુંબ, પરિવાર, કુળ, રાજ્ય, દેશ, પ્રદેશ, ભાષા કે ધર્મના ચોગઠામાં સમાન લક્ષ કે હેતુ અર્થે હરકોઈ ઈન્સાન અન્ય કોઈ એના જેવા જ બીજા અનેક ઈન્સાન સાથે વારસામાં મળેલા કે જાતે ઊભા કરેલા સંબંધોથી યેન-કેન પ્રકારે જોડાયેલ હોય છે. આ જોડાણ જ એના જીવનનો આધાર હોય છે. સંબંધ વગરનો એકલા અટૂલા માણસનું અસ્તિત્વ શક્ય નથી અને અપવાદ રૂપે ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હોય તો તે વિશિષ્ટ કેટેગરીમાં ગણાય છે. જેને જગત ક્યાંય ગણતરીમાં લેતું નથી. કોઈ તપસ્વી કે કોઈ સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ દુન્વયી સંબંધોના મોહતાજ નથી હોતા. બાકી બધા માટે સંબંધો જીવન માટે જડીબુટ્ટી સમાન ગણાય છે. હવે આ સંબંધોના પણ સમીકરણ હોય છે. એને મુખ્ય ત્રણ પ્રકારમાં વહેંચવા હોય તો પહેલો પ્રકાર એટલે લોહીનો સંબંધો ગણાય છે. જેમાં મોટેભાગે આપણા કુટુંબના સભ્યો એટલે કે માતા-પિતા, ભાઈ-ભાડુંઓ કે સંતાનોનો સમાવેશ થાય છે. આ સંબંધોની પસંદગી આપણે કરી શકતા નથી કેમકે આપણે ક્યાં જન્મ લેવો એ આપણા હાથની વાત નથી. કુદરતે જે કુળ કે કુટુંબમાં જન્મ આપ્યો હોય તેની સાથેના સંબંધો આપણે સ્વીકારવા રહ્યા અને આપણે પણ આ કુદરતી લોહીના સંબંધોમાં સૌના માટે સ્વીકાર્ય હોઈએ જ. આપણા વિચાર, વાણી અને વર્તન થકી આ સંબંધોને ખાટા, મીઠા કે તીખા બનાવી શકીએ તેમ છતાં જેવા હોઈએ તેવા ગણીને એકબીજાને સ્વીકારવા માટે મજબૂર હોઈએ કારણ કે આ સંબંધો આપણને કુદરત તરફથી મળેલી ભેટ સ્વરૂપે હોય છે. સારા માઠા પ્રસંગોમાં આ પ્રકારના સંબંધથી જોડાયેલ વ્યક્તિઓ જ આપણા સાથી અને સાક્ષી હોય છે. સૌથી વધુ કાળજી આ પ્રકારના સંબંધોમાં રાખવી પડે છે. કેમ કે આપણા મોટા ભાગના વ્યવહાર આ સંબંધના વર્તુળમાં જ થતા હોય છે. મન, વચન અને કર્મથી આ સંબંધો સારી રીતે નિભાવવા એ જ આપણી કુશળતા ગણાય છે. જીવન રૂપી નાટકના રંગમંચ પર એક આજ્ઞાકારી પુત્ર કે પુત્રી સ્વરૂપે, વફાદાર જીવન સાથી તરીકે પતિ પત્ની સ્વરૂપે, પરિવારના પાલનહાર તરીકે માતા કે પિતા સ્વરૂપે અને નિઃસ્વાર્થ સ્નેહ સાથે ભાઈ બહેન સ્વરૂપે આપણે આપણો કિરદાર ભજવવાની જવાબદારી કે ફરજ મળેલી હોય છે. આ બધી અદાકારી આપણા જન્મથી જ શરૂ થાય છે અને મૃત્યુ સાથે પૂર્ણ થાય છે. જન્મથી મૃત્યુ વચ્ચેની સફર એ જ આપણું જીવન અને આ જીવન આ સંબંધો વિના શક્ય જ નથી. પરિસ્થિતિ બદલાતી રહે છે પણ આપણા સંબંધો સ્થિર અને અતૂટ




રાખવા ભરપૂર પ્રમાણિક પ્રયત્નો જારી રાખવાનો પ્રયાસ એ જ જીવનનો સંઘર્ષ ગણાય છે. સંઘર્ષ વિનાનું જીવન સીધી લીટી જેવું હોય છે. સુખ દુઃખ, તંદુરસ્તી કે માંદગી એ આપણા કર્મો આધારિત છે પણ વિકટ પરિસ્થિતિમાં પણ સંબંધોની સુવાસ જાળવી રાખવાના પ્રમાણિક પ્રયાસ એ આપણો ધર્મ છે. આમ વિચારીએ તો કર્મ અને ધર્મના બે પૈડાં પર ચાલતી આપણી ગાડી સીધા રસ્તા પર ફાસ્ટ દોડે છે પણ ખરબચડા રસ્તા પર હાલક ડોલક થાય ત્યારે સ્થિરતા અને ધીરજ સાથે સંસાર રૂપી રથને ચલાવવો એ જ આપણી કુશળતા ગણાય છે. સંબંધોની પારાશીશીની કસોટીમાં પાસ થવા માટે સત્ય, પ્રેમ, કરુણા સાથે સૌથી મહત્વનો આઈ.એમ.પી. પ્રશ્ન જો કોઈ હોય તો તે છે આપણી સહનશક્તિ. "જો સહ ગયા વહ રહ ગયા." જીવનમાં ડગલેને પગલે સ્વીકારવું અને સહન કરવું આ બે પડાવ પાર કરવા એટલે પગથિયાં વિના પર્વત ચઢવા જેવું અઘરું કામ છે. અને એને સહેલું અને સરળ બનાવવાનું એનાથી વધુ અઘરું ગણાય તેવું ઓજાર એટલે આપણા અહમ કે ઈગોને ઓગળવાનું છે. જો અહંકાર ઉપર અંકુશ મેળવી લઈએ તો સુખ શાંતિ અને સલામતી જ છે. નહિતર સામન્ય એવી બાબત આપણા જીવનની શાંતિ હણી લે છે, સુખ અને સલામતી તો દૂરની વાત છે. ઈતિહાસ એનું સાક્ષી છે. જોઈ લો ઉદાહરણઃ "અહંકાર મે તીન ગયે ધન, વૈભવ ઓર વંશ, ના માનો તો દેખ લો રાવણ, કૌરવ ઓર કંસ!" આપણા ધાર્મિક ગ્રંથોમાં આ ત્રણ ઉદાહરણ પરથી ખ્યાલ આવશે કે ગમે તેવા સમર્થ અને શક્તિશાળી પાત્રો માત્ર ને માત્ર પોતાના અહંકારના કારણે પોતાના લોહીના સબંધોની સીમારેખાને સમજણથી સાચવી શક્યા નહિ અને પોતાના અહમને ઓગળી શક્યા નહિ એના કારણે એમનું પતન થયું.આપણા જીવનમાં પણ આપણા જ સંબંધો વચ્ચે ક્યારેક કોઈ નાની વાતોમાં ગેરસમજણ ઊભી થાય ત્યારે સમજણના અભાવે, અહમના કારણે આત્મહત્યા, છૂટાછેડા કે કાયમી અબોલા જેવી મોટી ઘટનાઓ આકાર પામતી હોય છે. નિર્ણય લેવાની આ પળ ખૂબ નાજુક હોય છે. ઉતાવળે અહમમાં આકરૂ પગલું ભરવા કરતા થોડું ખમી ખાઈએ, થોડું નમી જઈએ અને થોડું જતું કરીએ તો આગળની જીંદગી જીવવા જેવી હોય છે. બીજા પ્રકારનો સંબંધ એટલે લાગણીનો સંબંધ. લોહીના સંબંધોમાં તો સ્વાભાવિક લાગણી હોય છે પણ ઘણીવાર લોહીના સંબંધ કરતાંય લાગણીના સંબંધ લાજવાબ હોય છે અને આ લાગણીનાં સંબંધોની સૌથી મોટી વિશેષતા એ હોય છે કે એમાં કોઈ પણ પ્રકારનો સ્વાર્થ હોતો નથી. આવા નિઃસ્વાર્થ અને નિર્દોષ સંબંધોની સીમારેખા એની માવજત અને કાળજી રાખવી એ છે. એકબીજા માટે સમય કાઢવો, ગમે તેવી અંગત વાતો જેની સાથે શેર કરીને મન હળવું કરી શકાય એવું ઠેકાણું એટલે મિત્રતા. જ્યાં કોઈ શરત વિના શરારત કરવાનો વહેવાર હોય. જેને ભલે રોજ ના મળો પણ તમારી વ્યસ્ત જિંદગીમાં જેને મનથી યાદ કરો એવા લાગણીના સંબંધો કે જે ખરા ટાણે વગર બોલાવ્યે તમારી પડખે આવીને ઊભા રહી જાય તેવા સંબંધો પણ આપણા જીવનનો મહત્વનો ભાગ છે. કૃષ્ણ અને અર્જુન, કૃષ્ણ અને સુદામા આવા સંબંધોના શ્રેષ્ઠ ઉદાહરણો છે. અને ત્રીજો પ્રકાર એટલે આપણા પ્રોફેશનલ સંબંધો છે. જેમાં હમેશા નફો અને નુકસાન કામ કરે છે. આ સંબંધોમાં તમે કામમાં આવો તો કૃષ્ણ માને નહિતર કંસ જેવા લાગો એટલે આવા સંબંધો બદલાતા રહેતા હોય છે માટે તેની વધારે ચિંતા કરવી નહિ. પણ પ્રથમ બે પ્રકારના સંબંધો કુશળ રીતે નિભાવવા એ જ જીવનની સફળતા છે. જય શ્રી કૃષ્ણ.



**મનન ચિંતન**
ભરત બાવીશી

# ગરીબી ગઈ હવે મહેનતથી કમાણીનાં દિવસો આવ્યા






ગઈકાલે મર્યાદા પુરૂષોત્તમ ભગવાનશ્રી રામનો જન્મ દિવસ દેશમાં ભક્તિમય વાતાવરણ સાથે ઉજવવામાં આવ્યો. શ્રી રામચંદ્રજી જીવનમાં મર્યાદા, ત્યાગ, સેવા અને ધર્મરક્ષાનો જીવન પધ્ધતિમાં ઉત્તમ જ્ઞાન આપે છે. કઠીન પરિસ્થિતમાં અડગ રહીને ધ્યેય પ્રાપ્ત કરવા આગળ વધતા રહેવું. પ્રગતિના પંથ ઉપર આગળ વધો ત્યારે શક્તિ અને ક્ષમા બન્ને ગુણો જરૂરી છે. તેને આત્મસાત કરવા રહ્યા. આજે અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાના ઘંટીયાણ ગામના સાવ સામાન્ય ખેતમજૂરોનાં પુત્રોએ હિમ્મતની ફાટ ભરીને ગામડે વ્યવસાય શરૂ કર્યા તેની સફળતાની છે. પરંતુ એ સફળતામાં સંઘર્ષ કેટલો છે એ તો બન્ને મિત્રોનાં મન જાણે છે. બ્રિજેશ ચતુરભાઈ રાદડીયા અને વિમલ રસિકભાઈ આસોદરીયા બન્ને મિત્રોની ઉંમર આશરે ૨૮/૨૯ વર્ષ આસપાસ છે. પિતા સામાન્ય અને ગરીબ ખેતમજૂર એટલે જીંદગીમાં હંમેશા સંઘર્ષ જોયો હતો. સુરતમાં અભ્યાસ સાથે બન્ને મિત્રોએ ધંધો કરવાનો વિચાર કર્યો, પૈસા ક્યાંથી લાવવા, તેની ચિંતા કારણ કે સમાજના હાકેમો ઉપદેશ આપવા આવે છે અને હાથ પકડવા કોઈ તૈયાર થતું નથી. ગામડે પોતાના પિતાને વાત કરી અમારે ધંધો કરીને આ ગરીબાઈમાંથી તમને બહાર કાઢવા છે. હામ અને હોંસલો બન્ને મિત્રોના મજબુત, એક દિવસ સફળ બનીને દુનિયાને બતાવવું છે કે મહેનત, સચ્ચાઈથી કામ કરો તો સફળતા મળે. કોલેજના અભ્યાસના છેલ્લા વર્ષમાં સુરત ખાતે દસ બાય દસની રૂમ ભાડે રાખીને ડ્રાઈ ભાખરી બનાવવાની શરૂઆત કરી. અહિં-તહિંથી રૂા.૧૦,૦૦૦ના રોકાણ સાથે શરૂઆતમાં રોજની હાથે લોટ બાંધી ગેસ ઉપર શેકીને ૧૦ કિલો જેવી ભાખરી બનાવતા અને વેચાણ કરતા હતા. બન્ને



**ઝાકળનું એક બિંદુ**
હિરેન હિરપરા

મિત્રોને ૧૦ કિલોથી ૫૦ કિલો સુધી વેંચાણ પહોંચાડવામાં ૩ વર્ષનો સમય વિતી ગયો આજે કોઈને મહેનત કર્યા વગર કમાણીની લત પડી છે. તેના માટે આ ઉત્તમ ઉદાહરણ છે. બન્ને મિત્રો વાત કરતા કહે છે. સુરતમાં અભ્યાસ સાથે ધંધો સેટ થતાં સુરતમાં મોટી જગ્યા રાખીને ધંધો થઈ શકે તેમ હતો. પરંતુ અભ્યાસ દરમ્યાન વેકેશનમાં ગામડે આવતા ત્યારે જે ધૂળમાં રમતા એ વતનની માટીમાં જ ધંધો કરવો. આજે ગામડે-ગામડે વિઘા એકના ફળીયા છે. ઓસરી બંધ મકાન છે. અને લોકો ૧૦ બાય ૧૦ની રૂમોમાં રહે છે. તેમને ખરા અર્થમાં વિચાર કરવા જેવો છે. ઘંટીયાણ આવીને બન્ને મિત્રોએ ફુડ પ્રોસેસીંગ યુનિટ ઉભુ કર્યું છે. આજે રોજની ૩૫૦ કિલોથી ૪૦૦ કિલો ડ્રાઈ ભાખરી બનાવવામાં આવે છે. ઉપરાંત ગામના ૧૦-૧૨ વ્યક્તિઓને રોજગારી પણ આપે છે. આ છે અક્ષરજ્ઞાન અને મહેનતનું ફળ કારણ કે ખેતમજૂરના દીકરાઓ ખેતમજૂર નહિ સફળતા તરફ આગળ વધી રહ્યા છે અને રોજગારી આપી રહ્યા છે. ડ્રાઈ ભાખરી હાઈજેનીક રીતે પેકીંગ કરીને દેશનાં ૧૫ રાજયોમાં વેચાણ માટે મોકલે છે. અને વેચાણ ચેનલ ગોઠવી રહ્યા છે. ઉપરાંત યુ.કે., કેનેડા, અમેરિકા, દુબઈ જેવા દેશોમાં પણ મોકલી રહ્યા છે. ડ્રાઈ ભાખરીનું ૨૦૦ ગ્રામ પેકિંગ રૂા.૭૦ના ભાવથી વેચાણ કરી રહ્યા છે. ગામડાઓને બેઠા કરવા મથતા આવા આશાસ્પદ સ્ટાર્ટઅપ ધરાવતા મિત્રોને અભિનંદન આપવા ઘટે. ગામડું, ખેતી કયારેય ભાંગવાના નથી પણ તમારા બાપ-દાદાના ગામો અને જમીન સાથે તમારા સંતાનોનો પગ રહે તે જોવાની જવાબદારી સહુની છે. બ્રિજેશભાઈ રાદડીયાનો સંપર્ક નં.૭૫૬૭૧ ૧૪૨૧૪ છે.

**તિખારો**

ભરોસો કરીને લાગણીમાં ભલે અમે વેચાઈ ગયા. એ વાત અમે મુકેલા વિશ્વાસની છે. બાકી કિંમત કરીને ખરીદવાની ઔકાત કોઈની હતી નહી અને હશે પણ નહિ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો

ડો. જી. આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોનઃ ૯૨૭૫૭ ૦૮૩૪૨

કીટનાશકોનો ઉપયોગ ખેતી પાકોમાં નુકસાન કરતી વિવિધ જીવાતોના નિયંત્રણ માટે કરવામાં આવે છે. આવા કીટનાશક રસાયણો જુદા જુદા સ્વરૂપે બજારમાં મળે છે. એક જ પ્રકારનું સક્રિય તત્વ ધરાવતી કીટનાશક અલગ-અલગ સ્વરૂપે મળતી હોવાથી જે તે જીવાતની નુકસાન કરવાની રીત અને વર્તણૂકને ધ્યાનમાં રાખી તેને અનુરૂપ સ્વરૂપ (ફોર્મ્યુલેશન)ની પસંદગી કરી શકાય છે. કીટનાશક રસાયણો મુખ્યત્વે ઘન, પ્રવાહી અને વાયુ સ્વરૂપે મળે છે.



**■ ઘન સ્વરૂપે મળતા કીટનાશકો**

**■ ભૂકારૂપ કીટનાશકો**

આવા ભૂકારૂપ કીટનાશકોના પેકીંગ પર અંગ્રેજીમાં 'ડી' (ડસ્ટ) અથવા 'ડીપી'(ડસ્ટેબલ પાઉડર) લખેલું હોય છે. આ પ્રકારના ભૂકારૂપ કીટનાશકોની બનાવટમાં સક્રિય તત્વ સાથે નિષ્ક્રિય પદાર્થ (કેરીયર) મિશ્ર કરી તૈયાર કરવામાં આવે છે. સામાન્ય રીતે આપણે ત્યાં ૧.૫ % (ક્લોરપાયરીફોસ) અને ૧.૫ % (ક્વિનાલફોસ) સક્રિય તત્વ ધરાવતા ભૂકારૂપ કીટનાશકો મળે છે. આ પ્રકારના ભૂકારૂપ કીટનાશકો સીધેસીધા પાક પર છાંટી શકાય છે. ભૂકારૂપ કીટનાશકો પાણીમાં અદ્રાવ્ય હોય છે. ચાવીને ખાનારી જીવાતોના નિયંત્રણ માટે ભૂકારૂપ કીટનાશકો (૨૫ થી ૩૦ કિ.ગ્રા/હે.)ની ભલામણ કરવામાં આવે છે. ખાસ કરીને પાણીની અછતવાળા સૂકા વિસ્તારમાં કે જ્યાં પાણી સહેલાઇથી ઉપલબ્ધ ન થઇ શકે તેમ હોય ત્યાં ભૂકારૂપ કીટનાશકોનો ઉપયોગ કરવામાં આવે છે.

**■ બીજ માવજત માટે વપરાતા કીટનાશકો**

પાકની વાવણી અગાઉ કેટલાક કીટનાશકો ખાસ કરીને બીજ માવજત માટે જ વપરાય છે.

તેને સીડ ડ્રેસર (એસડી) તરીકે ઓળખવામાં આવે છે. ઘણી વખત તે ડ્રાય સીડ ડ્રેસર (ડીએસ) તરીકે પણ ઓળખાય છે. આવા કીટનાશકોને થોડા પાણી સાથે મિશ્ર કરી બીજ માવજત પહેલા માવજત આપવામાં આવે છે. તે વેટેબલ સસ્પેન્શન (ડબલ્યુ એસ) તરીકે ઓળખાય છે. દા.ત. ઇમીડાક્લોપ્રીડ અને થાયોમીથોક્ઝામ ૭૦ ડબલ્યુ. એસ.

**■ નીંદણનો નાશ :** નીંદણની હાજરીથી જીવાતની અથવા જીવાતના કુદરતી જૈવિક નિયંત્રકોની સંખ્યા વધે છે. પાક અને સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે નીંદણને દૂર કરવું કે ઉગવા દેવું તેનો નિર્ણય લેવો જોઇએ. દા.ત., કપાસના પાકમાં સુદાન પ્રકારન

♦ ફળપાકમાં આવતા મીલીબગના નાના બચ્ચાઓ શરૂઆતમાં ઘાસના પાનમાંથી રસ ચૂસે છે. અને ત્યારબાદ તે થડ મારફ્તે ઝાડ ઉપર ચડીને કુમળા પાન, ડુંખો તથા ફળમાંથી રસ ચૂસીને નુકસાન કરે છે. તેથી નિંદામણનો નાશ કરવાથી વસ્તી ઘટે છે.

♦ શેઢાપાળા ઉપરના ઘાસનો નાશ કરવાથી ખપચડી તથા કાતરાની વસ્તી ઘટે છે.

♦ ડાંગરની કાપણી બાદ જડીયાનો નાશ કરવાથી ગાભમારાની ઇયળનો ઉપદ્રવ ઘટાડી શકાય છે.

♦ કપાસ પાકમાં જુદા-જુદા નિંદણો જેવા કે ભોય રીંગણી, કાંસકી, ગાર્ડર, ગોખરુ, જંગલી ભીંડા વગેરો દુર કરવાથી મીલીબગની વસ્તી ઘટે છે.

**■ ઉનાળુ મગફળી**

♦ અફ્લાટોક્સીન ઘટાડવા માટે ઉપાડતી વખતે ડોડવાને ઈજા ન થાય તે ખાસ જોવું અને ફૂગ લાગેલા તથા નુકસાન પામેલ





ડોડવાને દુર કરવા અને ડોડવામાં ૮% ભેજ રહે ત્યાં સુધી સુકવી સંગ્રહ કરવો.

**■ બાજરી**

♦ હાલ ઘણા વિસ્તારમાં બાજરીનું વાવેતર થયેલ છે તેમાં અત્યારે ડુંડામાં લીલી ઈયળનો ઉપદ્રવ વધ્યો છે તેના નિયંત્રણ માટે પ્રોફેનો સાયપરનું મિક્ષ પમ્પમાં ૨૦ એમ.એલ. દવા વાપરવાથી નિયંત્રણમાં આવશે.

♦ થુલી અવસ્થાએ પાણી આપીને વાતાવરણ ભેજયુક્ત અને ઠંડુ રાખવું જેથી દાણાનો ભરાવો સારો થાય.

**■ મકાઈ : પાનનો સુકારો / ટર્સીકમ લીફ બ્લાઈટ**

♦ રોગની શરૂઆતમાં ગૌમૂત્ર ૧૦ ટકા (૧ લિટર / ૧૦ લિટર પાણી) અથવા લીમડાના પાનનો અર્ક ૧૦ ટકા (૧ લિટર / ૧૦ લિટર પાણી) નો છંટકાવ વાવણીના ૩૦, ૪૦, ૫૦ અને ૬૦ દિવસે કરવા અથવા એઝોક્સીસ્ટ્રોબીન ૧૮.૨ % + ડાયફેનોકોનાઝ ડાયફેનોકોનાઝોલ ૧૧.૪ % એસસી (૯.૨ મિ.લિ. / ૧૦ લિટર




પાણી) ના ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

♦ રોગ પ્રતિકારક જાતો કે ગંગા સફેદ-૨, ગંગા-૧૧, ગુજરાત મકાઈ-૩ વાવણીના ઉપયોગમાં લેવી.

♦ બીજને ટાલ્ક આધારિત ટ્રાયકોડર્મા વિરીડી ૧ ટકા વેપા (૨ટ૧૦૮ સીએફ્યુ/ગ્રામ) નો ૭ ગ્રામ / કિગ્રા બીજ પ્રમાણે પટ આપવો અથવા બીજને કેપ્ટાન ફુગનાશકનો ૩ ગ્રામ/કિગ્રા બીજ પ્રમાણે પટ આપવો. રોગની શરૂઆતમાં ગૌમૂત્ર ૧૦ ટકા (૧ લિટર/૧૦ લિટર પાણી) અથવા લીમડાના પાનનો અર્ક ૧૦ ટકા (૧ લિટર/૧૦ લિટર પાણી) નો છંટકાવ વાવણીના ૩૦, ૪૦, ૫૦ અને ૬૦ દિવસે કરવા અથવા એઝોકિસસ્ટ્રોબીન + ડાયફેનોકોનાઝોલ (૯.૨ મિ.લિ./૧૦ લિટર પાણી)ના ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

ચોળીની ટપકાંવાળી ઈયળનું નિયંત્રણઃ



♦ લીમડાના લીંબોડીના મીંજનો ૩ % અર્ક ( લીંબોળીના મીંજનો ભુકો ૩૦૦ ગ્રામ/ ૧૦ લિટર પાણી) છાંટવાથી અસરકારક નિયંત્રણ મળે છે.

♦ ઈન્ડોક્ઝાકાર્બ ૪૫ એસ.પી. ૩.૫ મિ.લિ. અથવા સ્પીનોસાડ ૪૫ એસ.સી. ૧.૬ મિ.લિ. અથવા એબામેક્ટીન બેન્ઝોએટ ૩ ગ્રામ ૧૦ લિટર પાણીમાં મિશ્રણ કરી છંટકાવ કરવો.

**■ ડુંગળી**

♦ વજનદાર સારા બીજને સિમેન્ટના ખળા કે કોથળા ઉપર તાત્કાલિક સુકવી દેવા. સુકવણી દરમ્યાન બીજને ફેરવતાં રહેવું અને બીજ બરાબર સુકાઈ જાય ત્યારે એકઠા કરી લેવાં.

♦ લોથાને બે હાથ વડે મસળતા ભાંગી બીજ છુટા પડવા માંડે તે વખતે ધોકાથી બીજને છુટા પાડવા અથવા ટ્રેક્ટર કે બળદથી રોલર ફેરવીને બીજ લોથામાંથી છુટા પાડવા.

**■ શેરડી :**

♦ જે ખાસ કરીને ઘઉં કાઢ્યા પછી શેરડીનું વાવેતર કરવાના હોય તેણે

♦ બીજ માવજત પાંચથી દશ મિનિટ મેલાથીયોનની માવજત આપવી.

♦ વેધકોના નિયંત્રણ માટે કાર્બોફ્યુરાન અથવા ફોરેટન અથવા કાર્બારીલના ઉપયોગ કરો.

**■ શાકભાજી**

♦ ભીંડામાં પચરંગીયો રોગનું નિયંત્રણ : ડાયમિથોએટ ૩૦ % ઈ.સી.(૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા મિથાઈલ ઓ ડિમેટોન ૨૫ % ઈ.સી.(૧૦ મિ.લિ./૧૦ લિ.પાણી) અથવા ફોસ્ફામીડોન



# ફળ પાકોમાં રોપા -કલમની પસંદગી અને જાળવણી

ડો. જે.એસ. પરસાણા, શ્રી રીક્ષીતા ગોંડલીયા, ડો. શિવાની પટેલ અને ડો. બી.વી. હુંમર બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય, જૂનાગઢ

**પ્રસ્તાવનાઃ**

- ભારત વિશ્વમાં ફળ અને શાકભાજીના ઉત્પાદનમાં ચીન પછી બીજા ક્રમે આવે છે.
- ભારતમાં ફળપાકોનું ક્ષેત્રફળ અને ઉત્પાદન છેલ્લા બે દાયકાથી ખુબ વધી રહ્યું છે.
- ૨૦૨૩-૨૪ ની વાત કરીએ તો ૭.૧ મિલિયન હેક્ટર વિસ્તાર અને ૧૧૨ મિલિયન ટન ઉત્પાદન છે.
- ઉષ્ણકટિબંધીય અને ઉપઉષ્ણકટિબંધીયમાં કેરી, કેળા, લીંબુ, જામફળ, નાળિયેર, દાડમ, ચીકુ, દ્રાક્ષ, સીતાફળ વગેરે ફળપાકોનું વાવેતર વધારે છે, જયારે ઠંડા પ્રદેશમાં સફરજન, પીચ, જરદાલુ, પ્લમ, પીયર, ચેરી, એપ્રિકોટ, અખરોટ અને કીવી જેવા પાકોનું વાવેતર વધારે થાય છે.
- મુખ્ય રાજ્ય આંધ્રપ્રદેશ, મહારષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ, તમિલનાડુ અને ગુજરાત છે.
- ભારતમાંથી મોટા પ્રમાણમાં કેરી, કેળા, દાડમ, દ્રાક્ષ અને સફરજનની નિકાસ કરવામાં આવે છે. ફળોની નિકાસ મુખ્યત્વે UAE, યુરોપ, અમેરિકા, મધ્યપૂર્વ અને એશિયાઇ દેશોમાં કરવામાં આવે છે.
- ગુજરાતમાં વલસાડ, કચ્છ, નવસારી, ભાવનગર, આણંદ અને સુરત જિલ્લામાં સૌથી વધારે ફળપાકોનો વિસ્તાર ધરાવે છે.

ફળ પાકોમાં રોપા અને કલમની પસંદગી કરતી વખતે ધ્યાનમાં લેવાની બાબતો:

- કલમ કરવાની રીત જાણી (આંબામાં નૂતન કલમ વધારે સારી, ચીકુમાં ભેટ કલમ, લીંબુમાં ગુટી કલમ) અને જાતની ખાતરી કરીને પસંદગી કરવી.
- કલમ જમીનથી ૨૦-૩૦ સે.મી.થી વધારે ઉંચાઇ પર કરેલ ના હોય અને સાંધો સ્વચ્છ હોય.
- કલમ સીધી, યોગ્ય ઉંમરની, કલમનું જોડાણ બરાબર હોય અને નવી કૂંપણો કે ફૂટ નીકળેલ તેમજ ડાળીઓ થડની આસપાસ સમાનરૂપે ફેલાયેલ હોવી







જોઈએ.

- તેના મૂળ ગાંઠોથી મુક્ત હોય તેમજ તંતુમય મૂળ માટી સાથે વ્યવસ્થિત ચોંટી ગયેલ તેમજ બેગની બહાર જમીનમાં ફેલાયેલ કે નીકળેલ ના હોવા જોઇએ.
- માટીનો પીંડ વિખાએલ કે નુકસાન વીનાનો હોવો જોઈએ.
- રોગમુક્ત અને જીવાતથી નુકસાન થયા વગરના તંદુરસ્ત માતૃ છોડમાંથી પસંદગી કરેલ રોપા અથવા કલમ હોવી જોઈએ.

કારણ કે અન્ય રાજ્યમાંથી ચકાસણી વગર લાવેલ રોપા કે કલમો દ્વારા નવા રોગકારકો, જીવાતો અને કૃમિ આપણા રાજ્યમાં પ્રવેશ કરે છે અને અનુકૂળ પરિસ્થિતિમાં સ્થાયી થાય છે, આગળ જતા તેનો ફેલાવો માટી, પિયતનું પાણી, વરસાદ, આંતર ખેડ કે અન્ય સાધનો દ્વારા એક થી બીજા ખેતરો અને જિલ્લામાં થાય છે. પરિણામે આવી કલમો કે પાકનો નાશ કરીને પણ નિયંત્રણ મેળવી શકાતું નથી જેથી ખેડૂત મિત્રોને આર્થિક નુકસાન વેઠવું પડે છે. જેમ કે દાડમમાં આવેલ કૃમિનો રોગ.

ફળપાકોના રોપા તથા કલમમાં સંવર્ધનની પદ્ધત્તિઓ તેમજ ફાયદા અને ગેરફાયદા:

**૧) બીજ દ્વારા સંવર્ધન**

સામાન્ય પૈપૈયા, રાવણા, લીંબુ, રાયણ, સીતાફળ, આંબળામાં આ રીત પ્રચલિત છે.

**ફાયદાઃ**

- ફળ ઝાડનું આયુષ્ય વધારે હોય છે.
- તે અજાતીય પ્રચાર કરતાં ઝડપી અને વધુ આર્થિક હોઈ શકે છે.
- તે નવી જાતો અને ઉત્સાહી વર્ણસંકરમાં પરિણમી શકે છે.
- કેટલાક છોડ માટે, તે પ્રચારનું એકમાત્ર સાધન હોઈ શકે છે.
- તે વાયરસ જેવા ચોક્કસ રોગોના પ્રસારણને ટાળવાનો માર્ગ પૂરો પાડે છે.
- તે આનુવંશિક ભિન્નતાને જાળવી રાખે છે, જે છોડ માટે પર્યાવરણીય દબાણને અનુકૂલિત થવાની સંભાવના વધારે છે.
- મુલકાંડ માટે બીજ દ્વારા સંવર્ધન કરવામાં આવે છે.

ગેરફાયદાઃ જુવેનાઇલ ફેઝ એટલે કે ફળ લાગવાનો સમય ખુબ વધારે હોય છે.

**૨) વાનસ્પતિક સંવર્ધન**

આ પ્રકારમાં નવા છોડ બીજમાંથી નહી પરંતુ માતૃછોડના અન્ય ભાગમાંથી કરવામાં આવે છે. કટકા કલમ, ગુટી કલમ, આંખ કલમ, દાબ કલમ, ભેટ કલમ, નુતન કલમ(ફાચર) વિગેરે દ્વારા થાય છે.

**ફાયદાઃ** જુવેનાઇલ ફેઝ એટલે કે ફળ લાગવાનો સમય ખુબ ઓછો (બે થી ત્રણ વર્ષ) હોય છે.

- ફળ ઝાડ એકસાથે અને જલ્દી ઉત્પાદન આપે છે.
- કેટલીક પ્રજાતિઓ માટે લૈંગિક પ્રચાર કરતાં તે સરળ અને ઝડપી હોઈ શકે છે.
- તે અમુક જાતિઓની કિશોર અથવા પુષ્પ લાક્ષણિકતાઓ જાળવી રાખે છે.
- તે ખાસ પ્રકારની વૃદ્ધિના પ્રસારને મંજૂરી આપે છે, તે વધુ ઝડપથી મોટા છોડમાં પરિણમી શકે છે (બીજ દ્વારા ફેલાયેલા છોડની તુલનામાં).
- મુલકાંડનો ઉપયોગ વિવિધ પ્રકારે રોગ જીવાત સામે રક્ષણ તેમજ ખારી અને ભાસ્મિક જમીનમાં કલમ ઉછેરવા કરી શકાય છે.

ગેરફાયદાઃ આયુષ્ય બીજની સરખામણીએ ઓછુ હોય છે.

**૩) અન્ય આધુનિક રીત દ્વારા સંવર્ધન :**

પેશી સંવર્ધન (ટિશ્યૂ કલ્ચર) કેળા, દાડમ અને ખારેકમાં ખુબ જ પ્રચલિત છે.

# ડ્રેગન ફ્રૂટની આધુનિક ખેતી પદ્ધતિ

ડો. આકાશ જલનદર અને ડો. આર.કે. કાલરિયા, ડો. એચ.વી. પટેલ
અસ્પી શકીલમ બાયોટેનોલોજી ઈન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત



ડ્રેગન ફ્રૂટ (હિલોસેરિયસ સ્પીશિઝ) કે જેને ભારતમાં કમલમ તરીકે પણ ઓળખવામાં આવે છે, જેનુ મૂળ ઉદ્ભવ સ્થાન દક્ષિણ મેક્સિકો, સેન્ટ્રલ અમેરિકા અને દક્ષિણ અમેરિકા છે. મુળ ઉદ્ભવ સ્થાનથી આ પાક વિશ્વના વિવિધ દેશો જેવા કે ઓસ્ટ્રેલિયા, ચીન, ઈઝરાયેલ, તાઈવાન અને વિયેતનામમાં એક નવા પાક તરીકે સ્થાપિત થયો, હાલ ભારત અને ગુજરાતમાં પણ આ પાકનો વિસ્તાર ધીમે ધીમે વધતો જાય છે.

કમલમ એ એક પ્રકારનો બારમાસી, માવાદાર ફળ ધરાવતો, કેક્ટસ પ્રજાતિનો એક ખુબ જ અગત્યનો ફળપાક છે. જેણે વિશ્વમાં પ્રથમ એક સુશોભનીય છોડ તરીકે અને ત્યારબાદ એક ફળ પાક તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરેલ છે. ભારતમાં આ ફળનો અંદાજીત વિસ્તાર ૩૦૦૦ હેક્ટરથી વધુ છે. જેની ખેતી મુખ્યત્વે કર્ણાટક, કેરળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત, છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, આંદામાન અને નિકોબાર ટાપુઓ, મિઝોરમ અને નાગાલેન્ડ જેવા રાજ્યોમાં કરવામાં આવી રહી છે.

**શા માટે ડ્રેગન ફ્રુટ (કમલમ) ની ખેતી કરવી જોઈએ ?**

આ ફળના ઉચ્ચ પોષક ગુણધર્મો અને કાર્યાત્મક ગુણધર્મો (દા.ત. એન્ટીઑકિસડન્ટો અને ફાઈબરથી સમૃદ્ધ) ના કારણે ભારતમાં વર્ષ ૨૦૨૦-૨૧ અને ત્યારબાદના વર્ષો દરમિયાન આ ફળની માંગમાં ખુબ જ તિવ્ર વધારો જોવા મળ્યો, પરંતુ અત્યારનું કુલ ઉત્પાદન દેશની ઘરેલુ માંગને પૂર્ણ કરવામાં અસમર્થ છે જેનું મુખ્ય કારણ- માંગને અનુરૂપ કમલમનો ખુબ જ ઓછો વાવેતર વિસ્તાર અને ખેતીમાં વૈજ્ઞાનિક અભિગમનો અભાવ છે. માંગમાં ખુબ જ તિવ્ર વધારાના કારણે ખેડૂતો આ પાકના વાવેતરથી નજીકના વિસ્તારોમાં જ વેચાણ કરી ખુબ સારો નફો મેળવવા સક્ષમ બનશે. ભારતીય બજારમાં ઉપલબ્ધ મોટાભાગના ડ્રેગન ફ્રૂટ થાઈલેન્ડ, મલેશિયા, વિયેતનામ અને શ્રીલંકામાંથી આયાત કરવામાં આવે છે. ભારતમાં આ ફળ પાકના વાવેતર વિસ્તારના વધારાથી અને વૈજ્ઞાનિક અભિગમ સાથે ખેતી દ્વારા ભવિષ્યમાં ભારત પોતાની ઘરેલુ માંગને સંતોષવામાં સફળ બનશે, ખેડૂતોની આવકમાં વધારો થશે, આયાતનો બોજો ઓછો થશે અને ખેડૂતો નિર્યાત કરવામાં સક્ષમ બનશે જેથી સારું વિદેશી હુંડીયામણ પણ મળવાની શક્યતાઓ છે.



ડ્રેગન ફ્રૂટ વાવેતર પછીના પ્રથમ વર્ષમાં આર્થિક ઉત્પાદન સાથે ઝડપી વળતર આપે છે અને ૩-૪ વર્ષમાં સંપૂર્ણ ઉત્પાદન પ્રાપ્ત થાય છે. પાકનું આયુષ્ય લગભગ ૨૦ વર્ષ છે. વાવેતરના ૨ વર્ષ પછી સરેરાશ આર્થિક ઉપજ પ્રતિ એકર ૧૦ ટન લઈ શકાય છે. હાલમાં બજાર ભાવ પ્રતિ કિલો ૧૦૦ રૂપિયા છે, તેથી ફળોના વેચાણથી વાર્ષિક આવક ૧૦,૦૦,૦૦૦ રૂપિયા થઈ શકે છે. ખેડૂતો ૧ રૂ. ના ખર્ચ સામે ૨.૫૮ રૂ. જેટલુ વળતર મેળવી શકે છે. ખર્ચના પ્રમાણમાં ઉચ્ચ વળતર ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવશે. ઉચ્ચ પોષક ગુણધર્મો, માંગમાં ખુબ જ તિવ્ર વધારો, ભારતમાં ઓછો વાવેતર વિસ્તાર, પ્રથમ વર્ષમાં આર્થિક ઉત્પાદન સાથે ઝડપી વળતર અને ખર્ચના પ્રમાણમાં વધુ નફો જેવા કારણો આ ફળ પાકની ખેતીનું ઉજ્જવળ ભવિષ્ય દર્શાવે છે.

**કમલમની આધુનિક ખેતી પદ્ધત્તિના અગત્યના મુદ્દાઓઃ-**

**હવામાનઃ** કાંટાળા થોર પ્રકારની જાત તેમજ ક્રેસુલેશિયન એસિડ મેટાબોલિઝમ(CAM) છોડ હોવાને કારણે આ પાક ઉચ્ચ તાપમાન અને પાણીની અછતવાળા વિસ્તારો સહિત કૃષિ-આબોહવાની વિશાળ શ્રેણીમાં વૃદ્ધિ કરવાની ક્ષમતા ધરાવે છે. ડ્રેગન ફ્રૂટ ૨૦-૨૯ ના સરેરાશ તાપમાન સાથે શુષ્ક ઉષ્ણકટિબંધીય આબોહવા પસંદ કરે છે જે ટૂંકા ગાળા માટે ૩૮-૪૦ અને ૦ જેટલા ઓછા તાપમાનનો સામનો કરી શકે છે. ૪૦ થી વધુ તાપમાને છોડને નુકસાન થાય છે, દાંડીના પીળા થવાનું કારણ બને છે. ભારે વરસાદ ધરાવતા વિસ્તારોમાં ફૂલો અને ફળો ખરી જવાની સમસ્યા જોવા મળે છે.

**જમીનઃ** આ પાક લગભગ દરેક પ્રકારની જમીનમાં થઈ શકે છે. મધ્યમ, ગોરાળું કે રેતાળ જમીન કે જેનો અમ્લતા આંક ૫.૫ થી ૭.૦ હોય, તેવી જમીન આ પાક માટે ખુબ અનુકૂળ છે.

**જાતોઃ** સામાન્ય રીતે, ત્રણ પ્રકારના ડ્રેગન ફ્રૂટની જાતો જોવા મળે છેઃ

૧) લાલ છાલ અને સફેદ માવો (હાયલોસેરિયસ અંડેટસ): ભારતમાં આ જાતનું વાવેતર મોટા પાયે કરવામાં આવે છે.

૨) લાલ છાલ અને લાલ/પર્પલ માવો (હાયલોસેરિયસ પોલીરાઈઝસ): આપણા ગુજરાત રાજ્યમાં આ જાતનો વિસ્તાર વધુ છે.

૩) પીળીછાલઅનેસફેદમાવો(હાયલોસેરિયસમેગાલેન્થસ):આપાકનીહાલમાંકોઈમુખ્યજાતોઉપલબ્ધનથી પરંતુ થાઈલેન્ડ તથા વિયેતનામથી આયાત કરેલી જાતોનું વાવેતર થાય છે.

## ગુજરાતની સહકારી પ્રવૃત્તિને પ્રધાનમંત્રી-સહકાર મંત્રીએ મજબૂત બનાવી : દિલીપ સંઘાણી

# અમિત શાહ અને ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં બીજ સંશોધન કેન્દ્રનો શિલાન્યાસ

### ઇફ્કો કલોલ પ્લાન્ટના ૫૦ વર્ષની ઉજવણી

અમારેલી, તા.૦૬

ઈફ્કો કલોલ પ્લાન્ટના ૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે યોજાયેલા સુવર્ણ જયંતિ મહોત્સવ અને બીજ સંશોધન કેન્દ્રના શિલાન્યાસ સમારોહમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ગુજરાતની સહકારી ચળવળની આગેવાની લેનાર ગુજરાત સહકારથી સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે. તેના મૂળમાં ગુજરાતની આગવી સૂઝબૂઝ ધરાવતી સહકારી પ્રવૃત્તિ અને ઈફ્કો છે. સરદાર વલ્લભભાઈ પટેલ, ત્રિભુવનદાસ પટેલ, ઉદયભાણ સિંહજી અને વૈકુંઠ મહેતાના સમયથી કાર્યરત ગુજરાતની



સહકારીતા મૂલ્યોનું સંવર્ધન અને સહકારીતાના મૂળને મજબૂત કરવાનું કામ દેશના પ્રધાનમંત્રી કરી રહ્યા છે, જેનો શ્રેય ગુજરાતને ફાળે જાય છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું




હતું કે, સરકાર પણ સહકાર સાથે સમર્પણ ભાવથી કામ કરી રહી છે. રાજ્યના વિકાસમાં આ બંને ક્ષેત્રના આદાન-પ્રદાનથી અસરકારક પરિણામો મેળવી રહ્યા છીએ. ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, કલોલ હવે માત્ર ખાતર ઉત્પાદનના નામ સાથે જોડાયેલું નહીં રહે, પરંતુ બીજ સંશોધન કેન્દ્રમાં પણ કાઠું કાઢશે અને તે પ્રવૃત્તિમાં પણ અગ્રેસર ભૂમિકા ભજવશે. તેમણે ત્રિભુવનદાસ પટેલની સહકારી મંથાઓને ગુજરાતની ભૂમિના માધ્યમથી સમગ્ર દેશમાં પ્રસરાવવાની વાત કરી હતી. આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ઈફ્કોના એમડી ડો. ઉદયશંકર અવસ્થી, સાંસદ હરિભાઈ પટેલ, મયંકભાઈ નાયક, ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર સહિતના મહાનુભાવો, સહકારી અગ્રણીઓ, સહકારી મંડળીના પ્રતિનિધિઓ અને વિશાળ જનસમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

## ગોંડલના સાજડીયાળી ગામે દીપડો પાંજરામાં કેદ થયો

ગોંડલ, તા.૦૬

ગોંડલ તાલુકાના વાસાવડ ગામે આંતક ફેલાવતા દીપડાને મહામહેનતે ફોરેસ્ટ વિભાગે પાંજરામાં કેદ કર્યાને ગણતરીના દિવસો વિત્યા છે ત્યારે સાજડીયાળી ગામે હિતેન્દ્રસિંહ સરવૈયાની વાડીએ બાંધેલ પાડીનું વધુ એક દીપડાએ મારણ કર્યુ હતું. આથી ગ્રામજનો અને ખેડૂતો, મજૂરોમાં ફફડાટ વ્યાપ્યો હતો. આ ઘટનાની જાણ ગામના સરપંચ વિજયભાઈ સોરઠીયા દ્વારા ફોરેસ્ટ વિભાગને કરવામાં આવી હતી. આથી આર.એફ.ઓ. દીપકસિંહ



જાડેજાએ ટ્રેકર ટીમ મારફત વાડીમાં પાંજરુ ગોઠવીને દીપડાને પાંજરામાં કેદ કરવાની કવાયત હાથ ધરી હતી. રાત્રીના મારણની જગ્યાએ દીપડો આવી ચડતા દીપડો માત્ર એક જ કલાકમાં કેદ થતાં લોકોમાં રાહતની લાગણી ફેલાઈ હતી. બીજી તરફ આ દીપડાને સાસણ ખાતે મોકલવાની તજવીજ હાથ ધરી હતી.

## ધોરાજીના ત્રણ યુવાનો સાથે બેંગકોકમાં નોકરીની લાલચ આપી છેતરપિંડી કરી

ધોરાજી, તા.૦૬

ધોરાજીના ત્રણ યુવાનો સાથે બેંગકોકમાં નોકરીની લાલચ આપીને રૂ. ૧.૯૦ લાખની છેતરપિંડી થતાં ધોરાજી સિટી પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપવા માટે તજવીજ હાથ ધરી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ધોરાજીમાં ત્રણ દરવાજા પાસે રહેતા સિદિક જાફરમિયા સૈયદ (ઉ.વ. ૨૮)એ ફરિયાદ નોંધાવી છે. જેમાં આરોપી તરીકે રિજવાન ઝીકર કપડવંઝી અને મેહુલ નામના શખ્સનું નામ આપતા ધોરાજી સિટી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે કાપડની દુકાનમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. વર્ષ ૨૦૨૪માં ધોરાજીમાં કોમ્પ્યુટર ઓપરેટર તથા હાર્ડવેર લગતની નોકરી કરતો હતો. તેના મિત્ર અદનાન મુનાવરે બેંગકોકમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકેની નોકરી કરવાની સારી તક છે, પગાર ધોરણ પણ સારૂં મળે છે તેવી વાત કરી હતી. રિઝવાને તેમને અને અદનાન પાસેથી વ્યક્તિ દીઠ રૂ. ૬૦ હજાર તથા અબ્દુલ કાદિર પાસેથી રૂ. ૩૦ હજાર એમ કુલ રૂ. ૧.૯૦ લાખ એજન્ટ તરીકે લીધા હતા. ત્યારબાદ વિયેતનામ, બેંગકોક અને મ્યાનમાર ખાતે રૂમમાં ઉતારી મોબાઈલ ફોન આપી તેમાં ફ્રોડ કરવા સૂચના આપી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળતા તેઓ જંગલ રસ્તે ભાગી, ઈમિગ્રેશન અને સ્થાનીક તંત્રની મદદથી પરત ઈન્ડિયા આવેલા હતા. ત્યાર બાદ ફરિયાદી સિદિક સૈયદે ધોરાજી ખાતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## ગોંડલમાં રામજી મંદિર ખાતે રામનવમીની ભવ્યાતિભવ્ય ઉજવણી

ગોંડલા, તા.૦૬

ગોંડલના જાણીતા રામજી મંદિર ખાતે પરમ પૂજ્ય મહંત શ્રી જયરામદાસજી મહારાજની અધ્યક્ષતામાં રામનવમી કાર્યક્રમ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં કળશ સ્થાપના, શ્રી રામચરિત માનસજીના પાઠ, રામ જન્મોત્સવ, શ્રી રામ વિવાહ, ગુરુદેવશ્રી હરિચરણદાસજી મહારાજની ૧૦૩મી જન્મજયંતિની રંગેચંગે ઉજવણી થઈ હતી. રામનવમીના દિવસે શ્રી રામયજ્ઞ, મહાઆરતી તેમજ રામ જન્મોત્સવ



ભક્તિ ભાવ સાથે ઉજવાયો હતો. આ તકે સંતો-મહંતો, મહાનુભાવો, સમાજ શ્રેષ્ઠીઓ, ગુરુભાઈઓ બહેનોએ મોટી સંખ્યામાં આરતી તેમજ દર્શનનો લાભ લીધો હતો. દેશ-વિદેશથી ગુરુભાઈઓ પણ મહાઆરતીમાં ઉપસ્થિત રહ્યા હતા.

## આહીર સેનાનો સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ સામે વિરોધ, કલેક્ટરને આવેદનપત્ર

ઉના, તા.૦૬

ગિર સોમનાથ જિલ્લામાં આહીર સેના અને હિન્દુ સમાજના વિવિધ સંગઠનોએ સ્વામિનારાયણ સંપ્રદાયના અમુક સાધુઓ દ્વારા કરવામાં આવતી ટિપ્પણીઓ અને પુસ્તકોમાં હિન્દુ દેવી-દેવતાઓને બદનામ કરવાના આરોપસર વિરોધ નોંધાવ્યો હતો. આ સંદર્ભે આહીર સેના ગિર



સોમનાથ જિલ્લા દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ દ્વારા કરવામાં આવતી ટિપ્પણીઓ અને પુસ્તકોમાં હિન્દુ દેવી-દેવતાઓને બદનામ કરવાના આરોપસર કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. આ ઉપરાંત, આવા પુસ્તકો પર પ્રતિબંધ મૂકવાની પણ રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે આહીર સમાજના આગેવાનો, બ્રહ્મસમાજના આગેવાનો અને અન્ય હિન્દુ સંગઠનોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કોડીનાર તાલુકામાં યુરિયા ખાતરની અછત મુદ્દે ખેડૂત સંગઠનની મામલતદારને રજૂઆત

કોડીનાર, તા.૦૬

કોડીનાર તાલુકાના ખેડૂતોને યુરિયા ખાતરની અછત અને યુરિયા સાથે નેનો યુરિયાની ફરજિયાત ખરીદીના મુદ્દે કોડીનાર ખેડૂત સંગઠનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે. ખેડૂતોનો આક્ષેપ છે કે, કૃષિ મંત્રીના આદેશનો અનાદર કરીને એગ્રોવાળા યુરિયાની બેગ સાથે નેનો યુરિયાની બોટલ ફરજિયાત



આપી રહ્યા છે, જેના કારણે ખેડૂતોને વધારાનો ખર્ચ ભોગવવો પડી રહ્યો છે. આ ઉપરાંત, આ વર્ષે સતત ગરમી અને ઝેરી ઝાકળના કારણે આંબાના પાકને થયેલા નુકસાન અંગે પણ ખેડૂતોએ મામલતદારને રજૂઆત કરી છે. ખેડૂતોની માગ છે કે તેમને વહેલી તકે યુરિયા ખાતર ઉપલબ્ધ કરાવવામાં આવે અને નેનો યુરિયાની ફરજિયાત ખરીદી બંધ કરવામાં આવે. આ સાથે, આંબાના પાકને થયેલા નુકસાનનું વળતર પણ આપવામાં આવે. ખેડૂત સંગઠનના આગેવાનોએ મામલતદારને આવેદનપત્ર આપી ખેડૂતોને વહેલી તકે ન્યાય મળે તેવી માગ કરી છે.

## આમોદ્રાનાં સેવાનિવૃત્ત થયેલ ફૌજી જવાન માદરે વતન આવતા સન્માન કરાયું

ઉના, તા.૦૬

ઉનાનાં આમોદ્રા ગામનાં રહીશ વણકર સમાજનાં ફૌજી જવાન ધીરજભાઈ નારણભાઈ ઉનેવાલ ૨૫ વર્ષ સૈનિક તરીકે નિષ્ઠાપૂર્વક સેવા બજાવી નાયબ સુબેદારનાં પોસ્ટિંગ સાથે નિવૃત્ત થઈ વતન આમોદ્રા પધારતા આમોદ્રા ગામ સમસ્ત અને વણકર સમાજ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવેલ. ગામનાં મુખ્ય માર્ગો ઉપર શોભાયાત્રા નીકળેલ જેમાં ગામનાં આગેવાનો, નિવૃત્ત ફૌજી જવાનો અને સમાજના આગેવાનો સહિત વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત ગામનાં અગ્રણીઓ અજીતભાઈ મોરી, વિરભણભાઈ મોરી, ગોવિંદભાઈ સોલંકી, ગોપાલભાઈ જાદવ,



લલિતભાઈ મોરી, રાજુભાઈ જાદવ, રણધીરભાઈ જાદવ વિગેરેએ ગામ વતી પુષ્પહાર, શાલ અર્પણ કરી ધીરજભાઈનું સન્માન કરેલ. તેમજ નિષ્ઠાપૂર્વકની સેવાઓને બિરદાવી શુભેચ્છાઓ પાઠવેલ.

## ઉના શહેરમાં રામનવમીની ભવ્ય ઉજવણી, અયોધ્યા ધામ જેવો માહોલ

ઉના,તા.૦૬

ઉના શહેરમાં રામનવમીની ભવ્ય ઉજવણીની કરવામાં આવી હતી. શ્રી રામ કૃષ્ણ જન્મોત્સવ સમિતિ, સમસ્ત હિન્દુ સમાજ, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં રામણાવાડીને રામાયણના પાત્રો અને દ્રશ્યોથી જીવંત કરવામાં આવ્યું હતું. રામણાવાડીમાં રામસેતુ, લક્ષ્મણ ઝૂલા, જંગલના દ્રશ્યો, સીતાહરણ, રામ-હનુમાન મિલન, રામ-રાવણ યુદ્ધ, અયોધ્યાના રામ લલ્લા, અશોક



વાટિકા, શબરીબાઈ, વનવાસ ગમન અને રામેશ્વર જેવા આકર્ષણો ઊભા કરવામાં આવ્યા હતા. તા. ૨/૪/૨૦૨૫ ના રોજ બુધવારથી શરૂ થયેલ આ રામ જન્મોત્સવમાં રામણાવાડીમાં સનાતન ધર્મના રામાયણના પાત્રોને જીવંત કરવામાં આવ્યા હતા.

## નાની પરબડીના ખેડૂતોની રજૂઆત : સોલાર સિસ્ટમમાં ઓવર વોલ્ટેજથી મુશ્કેલી

ધોરાજી,તા.૦૬

ધોરાજી તાલુકાના નાની પરબડી ગામના ખેડૂતોએ ધોરાજીના ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને સોલાર સિસ્ટમમાં જ્યોતિગ્રામ યોજનાના નિયમ વિરુદ્ધ આવતા વધુ પડતા વીજ ઓવર વોલ્ટેજ અંગે રજૂઆત કરી છે. ખેડૂતોનું કહેવું છે કે, હાલમાં તાપમાન વધવાથી ઘર વપરાશમાં વધુ વોલ્ટેજ આવે છે, જેના કારણે સોલાર સિસ્ટમનો લાભ લેનારા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. નાની પરબડીના પૂર્વ સરપંચ અરવિંદભાઈ ગજેરાએ જણાવ્યું કે, આ અંગે ધોરાજી પીજીવીસીએલ કચેરીના મુખ્ય અધિકારીને પણ બે વખત પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી છે, પરંતુ કોઈ નિરાકરણ આવ્યું નથી. ખેડૂતોની માંગ છે કે, તાત્કાલિક અસરથી નવા સોલાર જોડાણો આપવાનું બંધ કરવામાં આવે અને હાલની સિસ્ટમમાં આવતા ઓવર વોલ્ટેજની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે. ખેડૂતોએ ચેતવણી આપી છે કે, જો તેમની માંગણીઓનું તાત્કાલિક નિરાકરણ નહીં આવે તો તેઓને જન આંદોલન કરવાની ફરજ પડશે.

## તાલાલામાં પાસે આવેલ ગીર મેંગો વેલી ફાર્મમાંથી ૧૦ જુગારીઓ ઝડપાયા

તલાલા, તા.૦૬

જૂનાગઢ રેન્જ આઈજીપી નિલેશ જાજડીયા અને ગીર સોમનાથના એસપી મનોહરસિંહ જાડેજાની સૂચના મુજબ ગીર સોમનાથ જિલ્લા પોલીસે તાલાલાના સુરવા ગામે આવેલા ગીર મેંગો વેલી ફાર્મમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. એલસીબીની ટીમે ૧૦ જુગારીઓને પકડી પાડી કાર્યવાહી કરવામાં આવી હતી. એલસીબીના



ઈન્ચાર્જ પીઆઈ એ.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.સી. સિંધવની ટીમે બાતમીના આધારે રેડ કરી હતી. પોલીસે ફાર્મ હાઉસ સંચાલક અજીત દરજાદા સહિત ૧૦ જુગારીઓને પકડ્યા હતા. પોલીસે રોકડ રૂ. ૪૩,૫૦૦, ચાર મોટરસાઈકલ કિંમત રૂ. ૧.૮૦ લાખ, ૧૦ મોબાઈલ ફોન કિંમત રૂ. ૫૦,૦૦૦ અને જુગારનું સાહિત્ય મળી કુલ રૂ. ૨.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓમાં અલ્તાફ કેસરીયા, રહેમાન ખાન, ફિરોઝ પઠાણ, ઈકબાલ પટેલ, મહેબુબ શાહમદાર, સરફરાજ પટેલ, સાજીદ સુમરા, વસીમ જમાદાર અને મુનાફ સોરઠીયાનો સમાવેશ થાય છે. આરોપીઓ સામે તાલાલા પોલીસમાં જુગારધારા કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ધોરાજીમાં ભૂખી ચોકડી નજીક દબાણ દૂર કરાયા

ધોરાજી, તા.૦૬

ધોરાજી ખાતે દબાણના પ્રશ્નો તંત્ર સમક્ષ આવતા પ્રાંત વિભાગ દ્વારા ભૂખી ચોકડી નજીક થયેલ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ધોરાજી શહેરના ભૂખી ચોકડી પાસે થયેલા દબાણ બાબતે નિયમાનુસારની પ્રક્રિયા અનુસરી કુલ ૬ આસામીઓનું આશરે ૨૨૦ ક્ષેત્રફળનું દબાણ મામલતદાર આર.કે. પંચાલ અને તેમની ટીમ દ્વારા દૂર કરાવી અને આશરે ૨૪,૨૦,૦૦૦ રૂપિયાની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.


### જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

**અમારા અસીલશ્રી નં.(૧) દિપાલી દિપેશકુમાર કાત્રોડીયા** તથા **નં.(૨) રચનાબેન કેયુરભાઈ કાત્રોડીયાએ** બન્ને રહે, ભોજલપરા, શેરી નં.૧૧, કેરીયા રોડ, અમરેલીવાળાઓએ અમો પાસે અમરેલી જીલ્લા વ તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં કેરીયારોડ રસ્તે આવેલ **"સંસ્કાર રેસીડેન્સી-૨"**માં આવેલ **બીનખેતી રે.સ.નં. ૨૭૬ પૈકી ૨ માહેના પ્લોટ નં.૪૭ની** બીનખેડવાણ જમીન કે જેના **ચો.મી-૯૧.૩૧** છે. સદરહુ મિલ્કતવાળી પ્લોટની જમીન મુળ નં.(૧) કનુભાઈ ટપુભાઈ વોરા નં.(૨) છગનભાઈ ટપુભાઈ વોરા નં.(૩) પરશોતમભાઈ ટપુભાઈ વોરા નં.(૪) મંજુલાબેન ટપુભાઈ વોરા નં.(૫) રસીલાબેન ટપુભાઈ વોરા તથા નં.(૬) જયસુખભાઈ ટપુભાઈ વોરાના વડીલોપાર્જીતની હતી. અને વારસાઈનાતે તેમના માલીકી હકકે આવેલ અને તેમના નામેજ બીનખેતીમાં ફેરવાયેલ છે અને જયસુખભાઈ ટપુભાઈ વોરા વિગેરે પાસેથી સદરહુ પ્લોટ નં.૪૭ સહીત પ્લોટ નં.૪૬,૪૮ની મિલ્કત તેઓ પાસેથી અલ્પેશભાઈ વિનુભાઈ ડોબરીયા વિગેરે ૮ ના ઓએ **રજી.વે.દ.નં.૧૮૫૫ થી તા.૦૪/૦૪/૨૦૨**૩ના રોજ ખરીદ કરેલ છે. અને તેઓ પાસેથી નં.(૧) અલ્પેશ વિનુભાઈ ડોબરીયા (૨) મહેશભાઈ ભવાનભાઈ કાબરીયા (૩) હરેશભાઈ નંદલાલ કોદાળા (૪) રેખાબેન બાલુભાઈ ઠુમ્મર (૫) અશોકભાઈ બાબુભાઈ ફિણવીયા (૬) દિનેશભાઈ વશરામભાઈ બાંભરોલીયા ના કુ.મુ. હિરેન દિનેશભાઈ બાંભરોલીયા (૭) જીતેન્દ્રભાઈ પરશોતમભાઈ સોજીત્રા (૮) સુરેશભાઈ વશરામભાઈ બાંભરોલીયા પાસેથી સંકેતકુમાર મુકેશભાઈ નાકરાણીએ **રજી.વે.દ.નં.૫૭૫૩** થી સદરહુ પ્લોટ નં.૪૭ વાળી પ્લોટ મિલ્કત તા.૦૯/૧૧/૨૦૨૩થી વેચાણ રાખેલ હતી અને તેઓ પાસેથી ઉપરોકત અમારા **અસીલશ્રીઓ તા.૧૧/૦૩/૨૦૨૫ ના નોટરાઈઝ બાનાખત સીરીયલ નં.૮૫/૧૦થી** કરી સયુકત રીતે ખરીદ કરવા માગતા હોઈ, તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોક્ત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોક્ત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તા.૦૬/૦૪/૨૦૨૫.**
**અમરેલી.**
**૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,**
**ભીડ ભંજન મહાદેવ મંદિર સામે, લીલીયા રોડ, અમરેલી.**

**સહિ,**
**દિપક વી. નાગ્રેચા**
**એડવોકેટ-અમરેલી.**

### આકર્ષક ફ્લોટ્સ અને પ્રદર્શને શોભાયાત્રાને વધુ આકર્ષક બનાવી

# અમરેલી સહિત જિલ્લામાં રામ જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી કરાઈ









અમરેલી, તા.૦૬

અમરેલી શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ભવ્ય રીતે રામનવમીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે પરશુરામ ધામ અમરેલી ખાતેથી ડી.જે., ઢોલ-નગારાનાં નાદ સાથે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલીનાં ઈતિહાસમાં પ્રથમ વખત આટલી વિશાળ ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા નીકળી હતી. શહેરનાં વિવિધ માર્ગો પર રામભક્તોને આવકારવા માટે સ્વૈચ્છીક સંસ્થાઓ અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઠેર-ઠેર ઠંડા પાણી, શરબત અને છાશ વિતરણનાં સ્ટોલ પણ રાખવામાં આવ્યા હતા. સાંજે રામજી મંદિર ખાતે ભગવાનશ્રી રામની ભવ્ય મહાઆરતી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો હાજર રહ્યા હતા. બગસરા શહેરના વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આજ રોજ શ્રીરામ જન્મોત્સવ નિમિત્તે શ્રીરામચંદ્ર ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જેમાં શહેરના તમામ સનાતની હિન્દુ સમાજના સાથ સહકારથી શહેરને શણગારવામાં આવ્યુ હતું. તેમજ શોભાયાત્રામાં સુંદર આકર્ષક સુશોભિત ૧૫ જેટલાં ટ્રેક્ટર ફ્લૉટ સામેલ કરવામાં આવ્યા હતા, જેમાં ખાસ આકર્ષણ તરીકે ભગવાન રામની ભવ્ય પ્રતિમા જે આશરે ૧૦ ફૂટ ઉંચી અને ભવ્ય બનાવવામાં આવી હતી, જેમાં ભગવાન શ્રીરામચંદ્ર તેમજ માતા જાનકી અને રામદરબાર સહિત વેશભૂષા કરવામાં આવી હતી. જેમાં ડીજેના તાલે લોકો રામમય બની ગયા હતા. આ શોભાયાત્રામાં આશરે ૫ થી ૭ હજાર જેટલસ માનવ મેદની ઉમટી પડી હતી, આ સાથે શહેરના માર્ગો શ્રીરામના નારાથી ગુંજી ઉઠ્યા હતા. આ શોભયાત્રામાં પોલીસ દ્વારા ચાપતો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. આ શોભાયાત્રા દરમિયાન સામાજિક સંસ્થાઓ દ્વારા પાણી તથા શરબતની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. શ્રીરામચંદ્ર ભગવાનની મહાઆરતી તેમજ હનુમાન ચાલીસાના સમૂહપાઠનું પણ આયોજન કરેલ હતું. સાવરકુંડલામાં અયોધ્યા નગરી જ ઉતરી આવી હોય તેવો દિવ્ય માહોલ સર્જાયો હતો. અભૂતપૂર્વ ઉત્સાહ સાથે હજારો રામભક્તો આ શોભાયાત્રામાં જોડાયા હતા. અને જય શ્રીરામના નાદથી સમગ્ર નગર ગુંજી ઉઠ્યું હતું. શોભાયાત્રામાં વિવિધ સમાજના આકર્ષક ફ્લોટ્સ, રજવાડી રથ અને વિવિધ સંસ્થાઓ તેમજ મંડળો દ્વારા પોતાની કલાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ આકર્ષક ફ્લોટ્સ અને પ્રદર્શને આ શોભાયાત્રાને વધુ આકર્ષક અને ભવ્ય બનાવી હતી. શોભાયાત્રાના સમગ્ર રૂટ પર રામભક્તો દ્વારા શરબત, છાશ, ચા, પાણી અને આઈસ્ક્રીમ જેવી વિવિધ વસ્તુઓનું સેવાભાવથી વિતરણ કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રાજુલામાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, ચેમ્બર ઓફ કોમર્સ સહિત સંસ્થાઓ અને ભાવિકો દ્વારા રામનવમીની ભાવભેર ઉજવણી કરાઈ હતી. અહી વેપારીઓ સ્વયંભુ બંધ પાળી શોભાયાત્રામાં જોડાયા હતા. અહી પણ શહેરને ધજા પતાકાથી શણગારાયુ હતું. શોભાયાત્રાના રૂટમાં ઠેરઠેર ઠંડા પીણાના સ્ટોલ પણ ઉભા કરાયા હતા. અહી વિવિધ ફલોટસ સાથે શોભાયાત્રા નીકળી હતી જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. અહી હનુમાન ચાલીસાના પાઠનું પણ આયોજન કરાયુ હતું. ડી.જે અને ઢોલ નગારાના નાદ સાથે આ શોભાયાત્રા શહેરના માર્ગો પર ફરી હતી. આ ઉપરાંત લાઠી, ધારી, બાબરા, વડીયા, લીલીયા સહિત ગામોમાં પણ રામ જન્મોત્સવની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. પોલીસ દ્વારા રામનવમીના દિવસે પણ ચુસ્ત બંદોબસ્ત જાળવી રાખવામાં આવ્યો હતો. રાજુલાના પીપાવાવ ખાતે રણછોડરાય મંદિરે રામ જન્મોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. અહી બપોરે મહાપ્રસાદ ફરાળ અને મહાઆરતીનું આયોજન કરાયુ હતું. લીલીયા મોટા શહેરમાં રામનવમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. લીલીયા શહેરને ધજા-પતાકાથી શણગારવામાં આવેલ. રામનવમી અંતર્ગત બપોરના ૧૨ કલાકે રામજી મંદિર ખાતે ભવ્યથી ભવ્ય રામ જન્મોત્સવ ઉજવવામાં આવેલ. ત્યારબાદ બપોરના ત્રણ કલાકે શ્રી રામજી મંદિર ખાતેથી ઢોલ નગારા, ડી.જે.ના તાલ સાથે શોભાયાત્રા પ્રસ્થાન થયેલ. શોભાયાત્રામાં વિસ્તારના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, સરપંચ જીવનભાઈ વોરા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ખોડાભાઈ માલવિયા સહિતના રાજકીય આગેવાનો જોડાયા હતા.

## અમરેલીમાં અમર ડેરી અને ખોડલધામ સમિતિ દ્વારા છાશ વિતરણ





અમરેલી શહેરમાં રામ જન્મોત્સવને આવકારવા સામાજીક, સહકારી અને સ્વૈચ્છીક સંસ્થાઓએ શોભાયાત્રા રૂટ પર ગરમીનાં સમયમાં શરબત, છાશ વિતરણ, પાણી વિતરણ જેવી સેવાઓ કરી હતી. અમર ડેરીનાં સહયોગથી મહિલા ખોડલધામ સમિતિ દ્વારા રાજકમલ ચોક ખાતે છાશ વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ સમગ્ર દેશ આજે રામમય બન્યો હોય ત્યારે સૌ કોઈ ધર્મપ્રેમી જનતાને રામનવમીની શુભકામના પાઠવી હતી. આ તકે મહિલા ખોડલધામ સમિતિની બહેનો દ્વારા શોભાયાત્રા દરમિયાન છાશ વિતરણ કરવામાં આવ્યું હતું.

# સુરતના યુવાનની કેનેડામાં તીક્ષ્ણ હથિયાર વડે હત્યા : શંકાસ્પદ વ્યક્તિની અટકાયત

(એચ.એસ.એલ),સુરત,તા.૬



ગુજરાતના સુરતના એક યુવાનની કેનેડામાં ધોળા દિવસે છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. જેમાં મૃતકની ઓળખ ધર્મેશ કથીરિયા તરીકે થઈ છે. ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે ઓટાવા નજીક રોકલેન્ડમાં એક ભારતીય નાગરિકની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. ઓટાવામાં ભારતીય દૂતાવાસે કહ્યું કે તે પીડિત પરિવારના સંપર્કમાં છીએ. કેનેડામાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર પોસ્ટ કર્યુ: "ઓટાવા નજીક રોકલેન્ડમાં છરાબાજીની ઘટનામાં એક ભારતીય નાગરિકના દુઃખદ મૃત્યુથી અમને ખૂબ જ દુઃખ થયું છે. પોલીસે જણાવ્યું હતું કે એક શંકાસ્પદ વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. અમે શોકગ્રસ્ત પરિવારને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડવા માટે સ્થાનિક સમુદાય સંગઠનો સાથે ગાઢ સંપર્કમાં છીએ." એક અહેવાલ મુજબ, ઓન્ટારિયો પ્રાંતીય પોલીસે રેડિયો-કેનેડાને જણાવ્યું હતું કે આ ઘટના બપોરે ૩ વાગ્યા પહેલા લાલોન્ડે સ્ટ્રીટ નજીક બની હતી. પોલીસે હજુ સુધી મૃત્યુનું કારણ જાહેર કર્યું નથી. અટકાયતી સામે કોઈ આરોપો દાખલ કરવામાં આવશે કે કેમ તે પણ જણાવ્યું ન હતું. ધર્મેશ ૨૦૧૯માં સ્ટુડન્ટ વિઝા પર કેનેડા ગયો હતો. ધર્મેશ મિલાનોમાં મેનેજર તરીકે કામ કરતો હતો. દરમિયાન, ઓન્ટારિયો પ્રાંતીય પોલીસે રોકલેન્ડના રહેવાસીઓને ચેતવણી આપી છે.

# ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરાની મુશ્કેલી વધી, ખેડૂત તરીકેના પ્રમાણપત્રની ખરાઈ કરવા આદેશ

ગાંધીનગર,તા.૬

ખોટા દસ્તાવેજ આધારે ખેડૂત ખાતેદાર બનવાના મુદ્દે પૂર્વ મંત્રી અને ઈડરના ધારાસભ્ય રમણ વોરા વિવાદમાં ફસાયાં છે. વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણ વોરાએ ખોટા દસ્તાવેજ રજૂ કરીને ગાંધીનગર જિલ્લામાં પાલેજ ખાતે ખેતીલાયક જમીન ખરીદી હતી. આ મુદ્દો છેક દિલ્હી દરબાર સુધી પહોંચ્યો છે. પૂર્વ ધારાસભ્ય પૂનમભાઈ મકવાણાએ ફરિયાદ કરતાં મહેસૂલ વિભાગે આદેશને પગલે રમણ વોરાના ખેડૂત ખાતેદારના પ્રમાણપત્રની ખરાઈ કરવા આદેશ કરવામાં આવ્યો છે. આ જોતાં આગામી દિવસોમાં રમણ વોરાની મુશ્કેલી વધી શકે તેમ છે. ગાંધીનગર જિલ્લાના પાલેજમાં ૩ કરોડ રૂપિયામાં જમીન વેચી બીનખેતી કરી દેવાઈ હતી. રમણ વોરાના પુત્રોએ જમીન ખરીદી હતી. ભાજપના દસાડાના પૂર્વ ધારાસભ્ય



પૂનમભાઈ મકવાણાએ મુખ્યમંત્રી ઉપરાંત મહેસૂલ સચિવને પત્ર લખીને ફરિયાદ કરી હતી કે, ઈડરના ધારાસભ્ય રમણ વોરાએ ગાંધીનગર જિલ્લાના પાલેજ ખાતે સર્વે નંબર, ૨૬૧ની ખેતીલાયક જમીન ખરીદી હતી. પૂનમભાઈ, હિતેશભાઈ અને રમણભાઈના નામે આ જમીન ખરીદવામાં આવી હતી. તે વખતે રમણ વોરાએ ખેડૂત ખાતેદારનું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું, તેમાં ભાઈઓના નામ પણ ખોટા દર્શાવ્યાં હતાં. આ ઉપરાંત પૂનમભાઈ અને હિતેશભાઈએ પોતાનો હક જતો કર્યો છે તે વાતનો ઉલ્લેખ કરી પત્ની-પુત્રોના નામે જમીન કરી દીધી હતી.




# અમદાવાદમાં ACના ગેસનાં બાટલાથી આગ લાગતા માતા-પુત્રના મોત






અમદાવાદ, તા.૦૬

અમદાવાદના જીવરાજ પાર્ક ચાર રસ્તા પાસે આવેલી જ્ઞાનદા સોસાયટીમાં રહેણાંક મકાનમાં રાખેલી ACની ગેસની બોટલોમાં આગ લાગતા નાસભાગ મચી હતી. મકાનમાં મોટા પ્રમાણમાં ACના ગેસના બાટલા હોય એક બાદ એક બ્લાસ્ટ થતા ભયનો માહોલ છવાયો હતો. આગે ગણતરીની મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આસપાસના અન્ય મકાનો અને પાર્ક કરેલા વાહનો આગની ઝપેટમાં આવ્યા હતા. અમદાવાદના અલગ અલગ ફાયર સ્ટેશનની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. સ્થાનિક ધારાસભ્ય પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આગના બનાવમાં માતા-પુત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા બંનેના મોત નિપજ્યા છે.







